આજનો સુવિચાર

મુશ્કેલ સમયમાં સાથ આપવાના બદલે જ્ઞાન આપે, એવા લોકોથી હંમેશા દુર જ રહેવું!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૩ જૂનાગઢ તા.૨૫-૦૯-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 243, Junagadh : Date : 25 September, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### રશિયા - જાપાનને પાછળ છોડયા

## ભારત એશિયાનો ત્રીજો સુપર પાવર દેશ બન્યો

નવી દિલ્હી તા. ૨૫

ભારતની તાકાત સમગ્ર વિશ્વ સ્વીકારે છે. આ વાતના પુરાવા તાજેતરમાં આવેલી એક રિપોર્ટમાં જાહેર થયા છે. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની થિંક ટેન્ક લોવી દ્વારા જાહેર કરાયેલી એશિયા પાવર ઈન્ડેક્સ રિપોર્ટની રેન્કીંગમાં ભારત, અમેરિકા અને ચીન બાદ ત્રીજો સુપરપાવર દેશ બની ગયો છે. આ રેન્કીંગમાં ભારતે રશિયા અને જાપાન જેવા દેશોને પણ પાછળ છોડી દીધા છે. આ ઈન્ડેકસમાં ભારતનો સ્કોર ૩૯.૧ છે, જ્યારે જાપાન ૩૮.૯ના સ્કોર સાથે આ યાદીમાં ચોથા સ્થાને છે. ઉપરાંત આ યાદીમાં પાડોશી દેશ પાકિસ્તાન ભારતથી ખૂબ પાછળ જોવા મળી રહ્યો છે.

રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે કે, એશિયામાં શક્તિ સંતુલન હજુ પણ અમેરિકા અને ચીનના હાથમાં છે પરંતુ ભવિષ્યમાં ભારત આ સ્થિતિ બદલી શકે છે. બીજી તરફ, ચીનની આર્થિક અને સૈન્ય વૃદ્ધિ સતત ચાલુ છે, પરંતુ તેની શક્તિ સ્થિર થઈ ગઈ છે. રિપોર્ટમાં બતાવવામાં આવ્યું છે કે, ચીનની શક્તિ ન વધી રહી છે કે ન ઘટી રહી છે. જ્યારે અમેરિકા તાકાત મામલે હજુ પણ આઠમાંથી ૬ ક્ષેત્રોમાં આગળ છે. ઉપરાંત ભારતની સ્થિતિમાં પણ મોટો સુધાર થયો છે.

આ રિપોર્ટમાં ૮૧.૭ના સ્કોર સાથે અમેરિકા પહેલા ક્રમે છે. જે પછી ૭૨.૭ સ્કોર સાથે ચીન બીજા ક્રમે, ભારત ૩૯.૧ સ્કોર સાથે ત્રીજા ક્રમે, ૩૮.૯ સ્કોર સાથે જાપાન ચોથા ક્રમે, પાંચમા ક્રમે ૩૧.૯ સ્કોર સાથે ઓસ્ટ્રેલિયા છે. આ યાદીમાં રશિયા ૩૧.૧ સ્કોર સાથે એક સ્થાન નીચે ગગડી છઠ્ઠા ક્રમે પહોંચ્યો છે. જ્યારે ૧૪.૬ સ્કોર સાથે પાકિસ્તાન આ યાદીમાં ૧૬મા સ્થાને છે.

એજન્સી મુજબ, ભારતની વધતી તાકાતનો મુખ્ય આધાર તેની વિશાળ જનસંખ્યા અને ઝડપથી વિકસી રહેલી અર્થવ્યવસ્થા છે. રિપોર્ટમાં ભારતની આર્થિક ક્ષમતામાં ૪.૨ પોઈન્ટનો વધારો થયો છે. આ સાથે ભવિષ્યના સંસાધનોના સંદર્ભમાં ભારતના સ્કોરમાં ૮.૨ પોઈન્ટનો વધારો થયો છે.

## હિંમતનગર નજીક ભયાનક અકસ્માત : ટ્રેલર પાછળ ઈનોવા ઘુસી જતા અમદાવાદનાં ૭ યુવાનોનાં કરૂણ મોત



હિંમતનગરતા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર એક કાર ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી જતાં ૭ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે અન્ય એકની હાલત પણ ગંભીર છે. કારમાં સવાર તમામ યુવકો અમદાવાદના રહેવાસી હતા અને તેઓ શામળાજી તરફથી અમદાવાદ જઈ રહ્યાં હતાં. અકસ્માત એટલો ગંભીર હતો કે ઈનોવા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારની અંદર લાશો ફસાઈ ગઈ હતી. જેના કારણેગેસ કટરથી કારનાં પતરાં કાપી લાશોને બહાર કાઢવી પડી હતી.

હિંમતનગરમાં સહકારી જીન નજીક આજે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. જ્યાં શામળાજી તરફથી અમદાવાદ આવતી કાર ધડાકાભેર એક ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. જેના લીધે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હાલમાં એકની હાલત ગંભીર છે જેની સારવાર ચાલી રહી છે.

ઘટનાની જાણ થતાં જ હિંમતનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો. જોકે તમામ મૃતકો પણ અમદાવાદના જ રહેવાસી હોવાનું ખૂલ્યું છે. પોલીસ તપાસમાં એવું જાણવા મળ્યું છે કે **GJ01RU0077** નંબરની ઈનોવા કાર પૂરપાટ ઝડપે શામળાજી તરફથી આવી રહી હતી. જે એક વ્યક્તિ આ અકસ્માતમાં બચ્યો હતો તેની હાલત પણ ગંભીર છે અને તેને સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેના પિતા વહેલી સવારે અમદાવાદથી હિંમતનગર ખાતે પહોંચી આવ્યા હતા.

મૃતકોમાં ૧.ધનવાની ચિરાગ રવિભાઈ (ઉ.વ. ૨૩ રહે. કૈલાશરાજ હાઈટ્સ, કુબેરનગર અમદાવાદ) ૨. રોહિત ૩. સાગર ઉદાની ૪. ગોવિંદ ૫. રાહુલ ૬. રોહિત ૭. બર્થ આ તમામ મૃતકોની લાશને પીએમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. શામળાજીથી હિંમતનગર આવતા રોડ પર સવારે ઈનોવા અને ટ્રેલર વચ્ચે અકસ્માત થયો હતો. ઈનોવામાં ૮ લોકો સવાર હતા તેમાંથી ૭ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. તમામ મૃતક અમદાવાદના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

## મેડીકલમાં NRI કવોટા છેતરપીંડી છે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી તા. ૨૫

સુપ્રીમ કોર્ટે બિન-નિવાસી ભારતીયોના દૂરના સંબંધીઓને પંજાબની મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે અનામત આપવાને છેતરપિંડી ગણાવી છે. ચીફ જસ્ટીસ ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે મંગળવારે **NRI** ક્વોટાની વ્યાખ્યાને વિસ્તૃત કરવાની રાજ્યની અપીલને ફગાવી દીધી હતી. બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે અનામતનો લાભ દૂરના સંબંધીઓને આપી શકાય નહીં. આ છેતરપિંડી બંધ થવી જોઈએ. તેને મંજૂરી આપી શકાય નહીં. આ પૈસા ઘુમાવવાનું મશીન છે. હકીકતમાં, ૨૦ ઓગસ્ટના રોજ, પંજાબ સરકારે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે **NRI**ના ૧૫% ક્વોટાનો વ્યાપ વિસ્તાર્યો હતો જેથી કાકા, કાકી, કાકા, દાદા દાદી જેવા વિદેશમાં સ્થાયી થયેલા દૂરના સંબંધીઓને પણ સામેલ કરવામાં આવે.

## સોના-ચાંદીમાં આગઝરતી તેજી : ૧૦ ગ્રામનાં રૂા. ૭૮૦૦૦



મુંબઈ તા.૨૫

શેરબજારમાં તેજીના દોર વચ્ચે હવે સોના-ચાંદીમાં તેજીની આગ લાગી છે. તહેવારો પૂર્વે જ ભાવો રેકોર્ડ સ્તરે પહોંચી જતા ગ્રાહકોની સાથે ઝવેરીઓ પણ સ્તબ્ધ બન્યા છે. સોનુ રૂા.૮૦૦ ના ઉછાળાથી ૭૮૦૦૦ ની નજીક પહોંચ્યુ છે. જયારે ચાંદીનો ભાવ ૯૩૦૦૦ ને વટાવી ગયો હતો.

વિશ્વબજારમાં સોના-ચાંદીનાં ભાવ સળગ્યા છે. ચીન દ્વારા અર્થતંત્રને ઠીકઠાક કરવા માટે વિવિધ રાહત પેકેજની ઘોષણા કરવામાં આવતા વૈશ્વિકસ્તરે ભાવો ભડકયા હતા અને નવી ઉંચાઈએ પહોંચ્યા હતા. વિશ્વબજારમાં આજે સોનું ૨૬૫૯ ડોલર તથા ચાંદીનો ભાવ ૩૧.૮૭ ડોલર થયો હતો. રાજકોટમાં સોનાનો હાજર ભાવ ૧૦ ગ્રામે ૮૦૦ ના ઉછાળાથી ૭૭,૮૦૦ થયો હતો ચાંદી ૨૧૦૦ વધીને ૯૨૩૦૦ થઈ હતી. ભારતમાં આગામી મહિનાઓમાં તહેવારો તથા લગ્નગાળો આવવાના છે. નવરાત્રી દશેરા તથા ધનતેરસ-દિવાળીમાં મોટી ખરીદી થતી હોય છે.ત્યારપછી મોટો લગ્નગાળો છે.આવા સમયે જ ભાવો રેકોર્ડસ્તરે પહોંચતા ડીમાંડ પ્રભાવીત થવાની ભીતિઓ છે. જાણકારો અગાઉ જ વર્ષાંત સુધીમાં સોનું ૭૮ થી ૮૦ હજાર થવાનો દર્શાવતા હતા.

## આજે જમ્મુ-કાશ્મીરમાં બીજા તબક્કાની ચૂંટણી : પ્રારંભીક કલાકોમાં ૨૫ ટકા મતદાન

નવી દિલ્હી તા. ૨૫ :

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનનો પ્રારંભ થયો છે. જમ્મુ-કાશ્મીરની ૨૬ વિધાનસભા મતવિસ્તારના મતદારો આજે મતદાન કરી રહ્યા છે. સવારથી જ તમામ મતદાન મથકો પર મતદારોની ભીડ જોવા મળી રહી છે. મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. શ્રીનગરના બલહામા, માતા વૈષ્ણોદેવી વિધાનસભા, નૌશેરા, ગાંદરબલ અને રાજૌરીમાં ચૂંટણી પહેલા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. બીજા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને પ્રથમ વખત મતદાન કરનારાઓને અભિનંદન પાઠવ્યા હતા.

આજના મતદાનમાં નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લા સહિત ૨૩૯ ઉમેદવારો મેદાનમાં છે. બીજા તબક્કામાં આજે ૬ જિલ્લાની ૨૬ વિધાનસભા બેઠકોના ૨૩૯ ઉમેદવારોનું ભાવિ **EVM**માં સીલ થશે. આજે જયાં મતદાન થવાનું છે તે જિલ્લાઓમાં રાજૌરી અને બડગામ મુખ્ય છે. રાજૌરીમાં ચૂંટણીની જવાબદારી વિકલાંગ કામદારોની છે. આજે ચૂંટણી વિસ્તારમાં, ત્રણ જિલ્લા ખીણમાંથી અને ત્રણ જમ્મુ વિભાગના છે. જમ્મુ અને કાશ્મીર બીજેપી ચીફ રવિન્દર રૈના, પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને **PCC** પ્રમુખ તારિક હમીદ કારાનું ભાવિ આજે **EVM** મશીનમાં સીલ થઈ જશે.

## બે વર્ષમાં ડુંગળી - બટેટાનાં ભાવ બમણા થઈ ગયા
### શાકભાજીનાં ભાવમાં પણ ભડકો : બજેટ ખોરવાયા

નવી દિલ્હી તા. ૨૫ : છૂટક ફુગાવો છેલ્લા બે મહિનાથી ચાર ટકાથી નીચે છે, મુખ્ય શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. છેલ્લા બે વર્ષમાં બટાટા, ડુંગળી અને ટામેટાંના ભાવ બમણા થઈ ગયા છે. દાળ ઉપરાંત અન્ય દાળના ભાવમાં પણ ઝડપથી વધારો થયો છે. મસાલા પણ હવે સીસકારા બોલાવી રહ્યા છે.

આરબીઆઈએ તેની માસિક સમીક્ષામાં સ્વીકાર્યું છે કે છેલ્લા બે વર્ષમાં આ ત્રણેય શાકભાજીના ભાવ લગભગ બમણા કે તેથી વધુ વધી ગયા છે. રિપોર્ટ અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૪ વચ્ચે કિંમતોમાં ઝડપથી વધારો થયો છે. ઉદાહરણ તરીકે, સપ્ટેમ્બર ૨૦૨૨માં ટામેટાની સરેરાશ કિંમત ૨૦ રૂપિયા પ્રતિ કિલોથી ઓછી હતી પરંતુ હવે તે ૫૦ રૂપિયાની નજીક છે. એ જ રીતે દેશના ઘણા ભાગોમાં ડુંગળીની સરેરાશ કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. બટાકાની કિંમત પણ ૬૦ રૂપિયા પ્રતિ કિલોની ઉપર પહોંચી ગઈ છે.

છેલ્લા કેટલાક મહિનામાં મસાલા અને ખાદ્યતેલોના ભાવમાં તીવ્ર વધારો થયો છે. જીરા રૂ.૨૭ હજાર પ્રતિ કવિન્ટલના સ્તરે પહોંચી ગયા છે, જે રૂ.૨૯ હજાર પ્રતિ કવિન્ટલ સુધી પહોંચવાની આશા છે.

## ગતરાત્રીનાં બોટાદ નજીક ટ્રેન ઉથલાવવાનો વધુ એક પ્રયાસ
### ઓખા - ભાવનગર ટ્રેન લોખંડનાં પાટા સાથે અથડાઈ

બોટાદ તા. ૨૫

ગુજરાતમાં ૪ દિવસ પહેલાં સુરતના કીમ સ્ટેશન નજીક ટ્રેન ઉથલાવવાના ગંભીર પ્રયાસનો પર્દાફાશ થયો હતો. ત્યારે આજે ફરી એકવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો હોવાનો બનાવ સામે આવ્યો છે. બોટાદના કુંડલી ગામ નજીક રેલવે ટ્રેક પર કોઈએ ગત મોડી રાત્રીના રેલવે ટ્રેક પર ૪ ફૂટ ઊંચા લોખંડના પાટાનો ટુકડો ઊભો કરી દીધો હતો. જેના કારણે બોટાદના કુંડલી ગામ નજીક રેલવે ટ્રેક પર ગત મોડી રાત્રીના ઓખાથી ભાવનગર જતી ટ્રેનનું એન્જિન બંધ થયું હતું. જોકે આ દુર્ઘટનામાં ટ્રેન સહીસલામત રીતે રેલવે ટ્રેક પર ઊભી રહી જતા હજારો જીવ બચ્યા હતા અને કોઈ જાનહાનિ થઈ ન હતી. ઘટનાને લઈને રેલવે બોટાદ એસપી, ડીવાયએસપી, રેલવે અધિકારીઓ, રેલવે પોલીસ ઘટના સ્થળે દોડી ગયા હતા.

## દિવાળી પહેલા સરકારી કર્મચારીઓ માટે ૮માં પગારપંચની ખુશખબર આવશે

નવી દિલ્હી તા.૨૫

૮માં વેતન પંચ વિશે ચારે બાજુ ચર્ચાઓ થઈ રહી છે. અલબત્ત સરકાર તરફથી આ મામલે હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામા આવ્યું નથી. જો કે દિવાળી પહેલા સરકારી કર્મચારઓને ખુશી સમાચાર મળશે તેવી અટકળો ચાલી રહી છે. ૮મું વેતન પંચ લાગુ થવાની સાથે સરકારી કર્મચારીઓના પગારમાં ધરખમ વધારો થશે તે નિશ્ચિત છે.


તાત્કાલિક જોઈએ છે
નીચે દર્શાવેલ જગ્યાઓ માટે સ્ટાફ..
• F&B સર્વિસ એસોસિએટ્સ
• F&B એક્ઝિક્યુટિવ
• બટલર
• કૂક
• હાઉસ કીપીંગ એસોસિયેટ
• રિઝર્વેશન એસોસિયેટ
નવા અને અનુભવી ઉમેદવાર માટે સુવર્ણ તક
વાતચીત માં કુશળ વ્યક્તિને પ્રાથમિકતા આપશું
ARAMNESS GIR NATIONAL PARK
તમારો બાયોડેટા અહિં મોકલો અથવા કોલ કરો
teamculture@aramness.com
93138 08781

સ્ટાફ જોઈએ છે
ગ્રેજયુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરનાં જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે
ઉંમર : ૨૨ થી ૪૦
ONLY BOYS
જૂનાગઢમા રહેતા વ્યકિતએ જ સંપર્ક કરવો
સમય સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી
મો.૯૮૨૫૮ ૧૫૭૯૬

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

SHETH BROTHERS SINCE 1972
AYURVEDIC KAYAM TABLET
શું તમે કબજીયાતથી પરેશાન છો?
કાયમ ટેબલેટ કબજીયાતથી છૂટકારો અપાવે છે
આંતરડાની સફાઇ
સ્વસ્થ પેટ
૧૦૦% કુદરતી
કબજીયાત એ માત્ર સવારની સમસ્યા નથી, તે દિવસભરની મુશ્કેલીઓનું કારણ બને છે અને લાંબા ગાળાની બિમારીઓનું કારણ પણ બની શકે છે. તેની સામે લડવા સંપુર્ણ પણે કુદરતી તથા આયુર્વેદિક કાયમ ટેબલેટનો ઉપયોગ કરો અને કબજીયાત સામેના આયુર્વેદિક ઉપચારની સારી અસરને અનુભવો.
મેડીકલ અને આયુર્વેદિક સ્ટોરમાં ઉપલબ્ધ Buy online amazon 1mg
Toll Free No.: 1800 419 0807 (Mon - Sat 11 am to 6 pm) E-Mail : contact@kayamchurna.com

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૯૦ ૫૫૯૮૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ફિંગર વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

# કેશોદના શેરગઢ ગામેથી શિક્ષકની બદલી થતાં ભાવુક દ્રશ્યો

## કેશોદના શેરગઢ કૃષ્ણપરા શાળામાં ૧૪ વર્ષથી ફરજ બજાવતાં શિક્ષક અમીતભાઈની બદલી, વિદાય ટાણે સૌ કોઈ રડી પડયા



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૫

કેશોદના શેરગઢ ગામે કૃષ્ણનગર સીમ શાળા ખાતે છેલ્લાં ચૌદ વર્ષથી ફરજ બજાવતાં આચાર્ય અમીતભાઈ કાનજીભાઈ સંઘાણીની બદલી પ્રાસલી મુકામે થતા યોજાયેલ વિદાય સમારંભમાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકની આંખોમાંથી પણ આસુની ધારા વહી જતાં હાજર સૌ કોઈની આંખોના ખુણા ભીના થઈ ગયા હતા. કેશોદના શેરગઢ ગામમાં છેલ્લા ૧૪ વર્ષથી શિક્ષક તરીકે અમીતભાઈ કાનજીભાઈ સંઘાણી ફરજ બજાવતા હતા, તેમની કેશોદના શેરગઢ ગામે કૃષ્ણનગર સીમશાળામા ચૌદ વર્ષ પહેલાં નિમણૂંક કરવામાં આવી ત્યારે આસપાસના વિસ્તારના નહિવત્ બાળકો શિક્ષણ મેળવવા આવતા હોય તેઓએ વાડી વિસ્તારમાં રહેતા વાલીઓને સમજાવી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શાળાએ અભ્યાસાર્થે મોકલી આપવા સમજાવી સરકારી ખર્ચે વાહનની વ્યવસ્થા કરી શાળાભ્યાસથી દુર રહેતાં બાળકોને શિક્ષણ મેળવવા પ્રેરિત કર્યા હતાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના શબ્દોમાં કહીએ તો માનવીને માનવતા શીખવે એ જ સાચી કેળવણી છે એ ઉક્તિને અમીતભાઈ કાનજીભાઈ સંઘાણીએ સાર્થક કરી હોય વિદ્યાર્થીઓ વાસીઓના દિલમાં મુઠ્ઠી ઉચેરુ સ્થાન મેળવ્યું હતું. શિક્ષક અમીતભાઈ વિદ્યાર્થીઓ સાથે બેસી રમતા રમતા અને વિદ્યાર્થીઓના અંદાજમાં શિક્ષણ આપી વિદ્યાર્થીઓના પરિવારના સભ્યની જેમ રહેતા હતા. જેના કારણે શિક્ષકની વિદ્યાર્થીઓની સાથે ગ્રામજનોમાં પણ એટલીજ લોકપ્રિયતા વધી હતી, રાજય સરકારના શિક્ષક વિભાગ દ્વારા વાંરવાર તેમની કામગીરીના કારણે પ્રોત્સાહન કરતા હતા. સમયાતંરે શેરગઢ ગામે કૃષ્ણનગર સીમશાળા નાનકડાં છોડમાંથી મોટું વટવૃક્ષ બની ગયું ધોરણ એકથી આઠ સુધીના ૨૫૦થી વધારે વિદ્યાર્થીઓ શેરગઢ ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારના અને વાડી વિસ્તારના વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવી રહ્યાં છે. કેશોદના શેરગઢ ગામે કૃષ્ણનગર સીમશાળાના શિક્ષક અમીતભાઈ કાનજીભાઈ સંઘાણીની બદલી થતાં ગામના અગ્રણી આગેવાનો વાલીઓ સાથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા શાલ ઓઢાડી મોમેન્ટો આપી હતી. શિક્ષક અમીતભાઈ કાનજીભાઈ સંઘાણી હસમુખા મળતાવડા સ્વભાવને કારણે જયારે વિદાયની વેળા આવી તો ગામના લોકો અને વિદ્યાર્થીઓએ પોતાના ઘરના સભ્યની વિદાય થઈ હોય તેવો માહોલ સર્જાયો હતો અને વિદ્યાર્થીઓ રીતસર રડી પડ્યા હતા ગામ લોકો અને વિદ્યાર્થીઓના ટોળા શિક્ષકને ચારે તરફ વળ્યા હતા. આમ શિક્ષક અમીતભાઈ કાનજીભાઈ સંઘાણીની બદલી થતા શેરગઢ ગામના લોકો પોતાને ભારે ખોટ પડી હોય તેવો અફસોસ કરી રહ્યા છે.

# ઊના ની પોસ્કો કોર્ટે સગીરાનું અપહરણ અને દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૫

ગત તારીખ ૧૯-૧૧-૨૦૨૨ના રોજ ઊના તાલુકાના માણેકપુર ગામેથી એક ૧૬ વર્ષ ૧૭ દિવસની સગીરાનું કોઈ અજાણ્યો ઈશમ અપહરણ કરી લઈ ગયાની પોલીસ ફરિયાદ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારની માતાએ નોંધાવી હતી. પોલીસે તપાસમાં આરોપી હરેશ ઉર્ફે હરિ અરજણભાઈ બારૈયા રે. મહુવા વાળાને પકડી સગીરાને છોડાવી હતી અને આરોપીની ધરપકડ કરી પૂછપરછમાં આરોપીએ સગીરાનું અપહરણ કરી અવાર-નવાર સગીરા સાથે શારીરીક સબંધ બાંધેલ હતો તેવું પોલીસમાં કબૂલ કર્યુ હતું. પોલીસે સગીરા અને આરોપીની મેડિકલ તપાસ કરાવી હતી અને તપાસ પૂર્ણ કરી ગુનાનું ચાર્જસીટ ઊનામાં આવેલ પોસ્કો કોર્ટમાં રજુ કરેલ હતું. જેનો કેસ ચાલતા સરકાર પક્ષે સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યૂટર મોહનભાઈ ગોહેલએ ભોગ બનનારનું નિવેદન, મેડિકલ ઓફિસરનું નિવેદન, મેડિકલ રિપોર્ટ, પોલીસ અને સાહેદોની જુબાની રજુ કરી દલીલો કરી પુરાવા રજૂ કરી આકરી સજાની માંગણી કરી હતી. પોસ્કો કોર્ટના જજએ પુરાવા નિવેદન જુબાની ધ્યાને લઈ આરોપી હરેશ ઉર્ફે હરિ અરજણભાઈ બારૈયા રે. મહુવા વાળાને ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરેલ હતો. કેસ ચાલ્યો ત્યાં સુધી આરોપીને જામીન મળેલ ન હતા. જેલમાં રહ્યો હતો.

# ઊના કોડીનાર નેશનલ હાઈવે રોડ ઉપર સિલોજ ગામ આગળ એક અજાણ્યા વાહન ચાલકે અજાણ્યા યુવકને હડફેટે લઈ મોત નિપજાવ્યાં પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૫

ઊના કોડીનાર નેશનલ હાઈવે રોડ ઉપર સીલોજ ગામ આગળ આવેલ ભારત પેટ્રોલિયમ કુ.નો અમર પેટ્રોલ પંપની સામેની સાઈડમાં રોડ કાઠે એક અજાણ્યા યુવાનની લાશ પડી હોવાની જાણ પેટ્રોલપંપમાં કામ કરતા ભરતભાઈ નગાજણભાઈ પામાકએ પેટ્રોલ પંપના મેનેજર ભરતગીરી બાબુગીરી અપરનાથી રે. ઊના વાળાને કરતા તેમણે ઊના પોલીસમાં જાણ કરી હતી. ઊના પોલીસ સ્થળ ઉપર પહોંચી તપાસ કરતા એક અજાણ્યો અંદાજિત ૪૦ વરસનો યુવાનનું કોઈ અજાણ્યા વાહન ચાલકે અડફેટે લઈ માથામાં શરીર ઉપર ગંભીર ઈજાઓ કરી નાસી ગયો હતો અને લાશને ઊના સરકારી હોસ્પિટલે પોસ્ટ મોર્ટમ માટે ખસેડાઈ હતી અને ઊના પોલીસમાં પેટ્રોલ પંપના મેનેજર ભરતગીરી બાબુગીરીએ અજાણ્યા વાહન ચાલકે અકસ્માત કરી મોત નીપજાવી નાસી ગયાની ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ ઊના પોલીસ કરી રહી છે. હાલ પોલીસમાં જાણવા મળતી વિગત મુજબ આ મરણ જનાર યુવાન કોડીનારના પ્રફુલભાઈ કુંભાભાઈ વાઢેર (ઉ.વ.૩૫)ની હોવાનું જાણવા મળેલ છે. તેમનો પરિવાર ઊના આવવા નીકળી ગયો છે. તે આવે પછી વધુ વિગત જાણવા મળશે.

# જૂનાગઢમાં પૈસાની ઉઘરાણી બાબતે હુમલો મારમારી અંગે સામસામી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેરમાં સેજની ટાંકી નજીક પૈસાની ઉઘરાણી બાબતે મારામારી થતા બંને પક્ષે સામસામે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીજન પોલીસ મથકે હિરેનભાઈ કિરીટભાઈ જોટંગીયાએ વિશાલ માંડવીયા સહિત બે અજાણ્યા શખ્સોના નામો આપી ફરીયાદમાં જણાવેલ કે, આરોપી વિશાલ માંડવીયો ફરીયાદીને આપેલ વ્યાજે રૂપિયા તથા વ્યાજની રકમ બળ-જબરીથી કઢાવવા સારૂ ફરીયાદીને જાહેરમાં ગાળો આપી આડેધડ ઢીકા-પાટુનો મુંઢ માર-મારી શરીરે મુંઢ ઈજાઓ કરી તથા અન્ય બે અજાણ્યા સહ આરોપીઓએ આવી ફરીયાદી સાથે બોલા-ચાલી કરી ફરીયાદીને પટ્ટાથી માર મારી તમામ આરોપીઓએ એક-બીજાની મદદગારી કરી ફરીયાદી તથા સાહેદોને શરીરે મુંઢ ઈજાઓ કરી તેમજ આરોપી વિશાલે નાણાં ધિરધાર લાયસન્સ વગર ગે.કા. નાણા ધિરધારનો ધંધો કરતો હોવાની અંગેની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે વિશાલભાઈ કિશોરભાઈ માંડવીયાએ હિરેનભાઈ કિરીટભાઈ જોટગીયા, હિરેનભાઈની પત્ની, હિરેનભાઈના પિતા કિરીટભાઈ, હિરેનભાઈની માતા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ આરોપી હિરેનભાઈને હાથ ઉછીના પૈસા આપેલ હોય તે રૂપિયાની ફરિયાદીએ આરોપી પાસે ઉઘરાણી કરતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને જેમફાવે તેમ ગાળો કાઢી હિરેનભાઈના પત્ની અને માતા અને પિતાએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારેલ તેમજ આરોપી હિરેનભાઈએ ફરીયાદીને છુટો પથ્થરનો ધા મારી ઈજા પહોચાડી આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શનીવારે સિધ્ધ યોગમાં પિતૃઓને મોક્ષ ગતિ આપતી ઈન્દિરા એકાદશી

ભાદરવા વદ અગિયારસને શનિવાર તા.૨૮-૯-૨૪ ઈન્દ્રએ આ વ્રત કરી ભગવાન વિષ્ણુને પ્રસન્ન કર્યા હતા અને પોતાના માતા-પિતાનો મોક્ષ થયો હતો તેની યાદ અપાવતી એકાદશી ઈન્દ્ર એકાદશી. આ એકાદશીનું વ્રત કરવાથી પિતૃઓને મોક્ષ ગતી મળે છે અને વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. આ એકાદશીનું વ્રત કરવાથી પિતૃઓને મોક્ષ ગતિ મળે છે. ભગવાન શ્રી કૃષ્ણ કહે છે સત્યયુગમાં ઈન્દ્રસેન નામના રાજા થઈ ગયા ત્યાં એકવાર નારદજી પધારે છે. રાજા નારદજીને પ્રણામ કરી આદર સત્કાર આપે છે અને રાજા નારદજીને પુછે છે. પુજાના કેટલા પ્રકાર હોય છે ત્યારે નારદજી કહે છે ત્રણ પ્રકારે પુજા થાય છે. એક તો વૈદિક પુજા જે સાત્વિક ગણાય છે જેમાં વ્રત, જપ, તપ વૈદિક પૂજા પાઠ મંત્રચાર રૂદ્રી ચંડીપાઠ આવે છે. બીજો પ્રકાર છે પૌરાણિક જે પણ સાત્વીક અને ઉત્તમ છે. તેમાં સ્તોત્રોના પાઠ કરવા રામાયણ ભગવાન જેવા ગ્રંથોનું શ્રવણ કરવું સંત સમાગમ એટલે કે સંતોના આર્શીવાદ લેવા પુજા પાઠ કરવા. ત્રીજો પ્રકાર છે તાંત્રિક જે થોડો કઠીન અને ગુરૂમુખી છે જેનો ઉપયોગ યોગ્ય સમયે જ કરી શકાય છે. પરંતુ સચા માર્ગે ચાલવું એ જ સાચું પુજામાં જે વૈદિક મંત્ર ભણીએ તેમાં પરમ તત્વની પહેચાન કરવાની સામગ્રી જ ભરી છે અને નારદજી કહે છે આપણો પુર્વજોના ગુણોનું ચિંતન શ્રાધ્ધ ગણાય છે. આ જન્મમાં કરેલા અશુભ કર્મો આગલા જન્મમાં નડે જ છે અને પૂર્વજનોના પાપો તેમના વંશ વારસાને નડે છે. પાપ છે તે તળિયા વિનાના ખાડા જેવું છે જેમાં પડતા બચી શકો પરંતુ એકવાર પડ્યા પછી બહાર નીકળી શકતા નથી. આથી પાપનો તિરસ્કાર કરો અને પાપીના સંગથી પણ દુર રહો. નારદજી ઈન્દ્રસેનને કહે છે સંત સમાગમ અને ભાગવત, રામાયણનું પઠન જે પાપના દોષમાંથી બચાવી શકે છે. આમ અવી રીતે રાજા ઈન્દ્રસેન ઈન્દિરા એકાદશીનું વ્રત કરી અને પોતાના માતાપિતાને મોક્ષ ગતિ અપાવે છે.

**વ્રતની વિધી :** શનીવારે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી પહેલા પિતૃઓને પગે લાગવું, ત્યારબાદ પૂજા પાઠ કરી બ્રાહ્મણ ભોજન કરાવવું અને દિવસ દરમ્યાન શાલીગ્રામની પૂજા કરી વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલવા, પીપળે પાણી રેડવું, દિવો કરવો, પ્રદક્ષિણા ફરવી. આમ કરવાથી પિતૃને મોક્ષ ગતી મળે છે અને પિતૃઓ આશીર્વાદ આપે છે. આ દિવસે સાથે બ્રાહ્મણ ભોજન કરાવી શકાય છે અને તર્પણ પીંડદાન પણ કરાવી શકાય છે. રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું. પુરાણોમાં જણાવ્યા અનુસાર જે આપણને દેવતા આશીર્વાદ આપી શકતા નથી તે પિતૃ આપણને આપી શકે છે.

- જ્યોતિષી રાજદીપ જોશી

# સોમવારે બરવાળામાં વિજ્ઞાન જાથાનો લોકજાગૃતિ કાર્યક્રમ : શ્રીમતિ એમએસબી અને કેબીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં અદ્દભુત કાર્યક્રમ

## ૩૫૦ છાત્રાઓ, વાલીમાં અંધશ્રદ્ધા નિવારણનો ભવ્ય કાર્યક્રમ : ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવશે : જાથાના જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે : બરવાળા પોલીસ સ્ટેશને બંદોબસ્ત ફાળવ્યો : જાથાનો ૧૦,૦૪૯ મો જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૫


બોટાદ જિલ્લાના બરવાળા ગામમાં શ્રીમતિ એમએસબી અને કેબીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં ૩૫૦ છાત્રાઓ, વાલીમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સભાખંડમાં યોજાવાનો છે. જેમાં જાથાના રાજય ચેરમેન, એડવોકેટ જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી ભૂત, પ્રેત, વળગાડ, જીન્નાત, ઈલમની ભ્રામકતાની વાત કરી વૈજ્ઞાનિક સમજ આપશે. બરવાળા પોલીસ સ્ટેશને ખાસ બંદોબસ્ત ફાળવ્યો છે. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટન હાઈસ્કૂલના આચાર્ય સોની કેતનભાઈ જી. ઊંડવીયા અને શૈક્ષણિક સ્ટાફની હાજરીમાં કરવામાં આવશે. આગેવાનો, વાલી હાજરી આપવાના છે. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ દેગામી, ભારતીબેન અને ભાનુબેન ગોહિલ ખાસ હાજરી આપી વૈજ્ઞાનિક પ્રયોગમાં નિદર્શનમાં ભાગ લેવાના છે.

ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાં કંકુ-ભસ્મ, લોહી નીકળવું, શ્રીફળનું આપોઆપ સળગવું, અગ્નિ સ્વયંભુ પ્રગટવું, ભુવાની સાંકળ મારવાની ડીંડકલીલા, ધૂણવું- સવારીની ધતિંગલીલા, બોલતું તાવિજ, નજરબંધી, હઝરતમાં જોવું, જીભની આરપાર ત્રિશુલ નાખવું, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી, કાનેથી ચિઠ્ઠી વાંચવી, મનગમતી મીઠાઈ ખવડાવવી, વશીકરણ વિગેરેનું પોલખોલ કરી શીખડાવી દેવામાં આવશે. પ્રયોગ નિદર્શનમાં જાથાના વિમોદ વામજા, અંકલેશ ગોહિલ, પ્રમોદ પંડયા, નિર્ભય જોશી, બીલડીના બટુકભાઈ બારોટ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, રોમિત રાજદેવ, ચંદ્રિકાબેન ભાગ લેવાના છે. આ અદ્દભુત કાર્યક્રમ બરવાળામાં સોમવાર તા. ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શાળાના સભાખંડમાં યોજાવાનો છે. જેમાં વાલી અને આમંત્રિતો ખાસ હાજરી આપવાના છે. આસપાસના ગામના લોકો, સરપંચ વિગેરે હાજરી આપવાના છે.

શાળાના આચાર્ય કેતનભાઈ સોની કાર્યક્રમની તૈયારી કરી રહ્યા છે. રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# રવીવારે વિરપુર ખાતે અખિલ ગુજરાત લોહાણા સમાજનું વિરાટ સંમેલન

## જામનગરનાં જાણીતા ઉદ્યોગપતિ જીતેન્દ્રભાઈ લાલની અધ્યક્ષ તરીકે વરણી થશે : સંમેલનમાં ઉમટી પડયા જ્ઞાતિજનોને હાંકલ કરતા જલારામ ભક્તિધામ જૂનાગઢનાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રો.પી.બી.ઉનડકટ



પ્રો.પી.બી.ઉનડકટ



જીતેન્દ્રભાઈ લાલ

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ સહિત ગુજરાતનાં લોહાણા રઘુવંશી સમાજ માટે એક આનંદદાયક અને આવકારદાયક અવસરનાં ભાગરૂપે આગામી તા.૨૯-૯-૨૦૨૪,રવીવારનાં રોજ સંત શિરોમણી પુ.જલારામબાપાનાં સાનિધ્યમાં વીરપુરધામ ખાતે અખિલ ગુજરાત લોહાણા સમાજનું એક વિરાટ સંમેલન યોજાઈ રહયું છે અને આ સંમેલનમાં જામનગરનાં જાણિતા ઉદ્યોગપતિશ્રી જીતેન્દ્ર લાલની અધ્યક્ષપદે વરણી કરવામાં આવનાર છે. જેને આવકારી આ વિરાટ સંમેલનમાં લોહાણા-રઘુવંશી પરિવારોને ઉમટી પાડવા જૂનાગઢનાં જલારામ ભક્તિધામનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રો.પી.બીઉનડકટે હાંકલ કરી છે.

આગામી રવિવાર તા.૨૯-૯-૨૦૨૪નાં રોજ વિરપુર ખાતે યોજાનારા અખિલ ગુજરાત લોહાણા સમાજનાં વિરાટ સંમેલન અંગે મેનેજીંગ ટ્રસ્ટી પ્રો.પી.બીઉનડકટે એક સોશ્યલ મીડીયામાં નિવેદનની પોસ્ટ મુકી જણાવેલ છે કે, અખિલ ભારતીય લોહાણા મહાપરીષદ પછી રઘુવંશી લોહાણા સમાજ માટે સેવાકીય કાર્યો કરતી મહત્વની સંસ્થા અખીલ ગુજરાત લોહાણા સમાજ છે. આ સંસ્થા દ્વારા મેડીકલ ક્ષેત્ર, કેળવણી ક્ષેત્ર, વિધવા સહાય સહિતની અનેકસેવાકીય અને રચનાત્મક પ્રવૃતિ કરી જ્ઞાતિને સહાયરૂપ બને છે.

છેલ્લા પાંચેક વર્ષ થયા આ સંસ્થાની પ્રવૃતિ નિષ્ક્રીય રહી છે પરંતુ હવે એક અવસર આવ્યો છે. આગામી તા.૨૯-૯-૨૦૨૪નાં રોજ વિરપુર ધામ ખાતે અખીલ ગુજરાત લોહાણા સમાજનું એક વિરાટ સંમેલન મળી રહયું છે અને આ સંમેલનમાં મજાની વાત તો એ છે કે, અખીલ ગુજરાત લોહાણા સમાજનાં અધ્યક્ષપદે જામનગરનાં જાણીતા ઉદ્યોગપતી શ્રી જીતેન્દ્રભાઈ લાલની વરણી કરવામાં આવનાર છે. જીતેન્દ્રભાઈ લાલ એક પ્રતિભા સંપન્ન વ્યકિતત્વ છે. સમાજનાં લોકો સાથે ખુબ જ મેળ ધરાવે છે. એટલું જ નહી સરકાર સાથે પણ સારા સંબંધો ધરાવે છે. અને આદરભર્યુ સ્થાન ધરાવે છે. એક પ્રતિભાશાળી વ્યકિત જીતેન્દ્રભાઈ લાલને અધ્યક્ષપદે વરણી કરવામાં આવતાં જ અખિલ ગુજરાત લોહાણા પરીષદને એક નવું જોમ મળવાનું છે. તેમજ સેવાકીય પ્રવૃતિ, જ્ઞાતિજનોને મદદરૂપ થવાનાં કામોને પણ વેગ મળશે. ત્યારે આ વિરાટ સંમેલનમાં જ્ઞાતિજનો ખુબ જ મોટી સંખ્યામાં ઉમટી પડશે અને આ અવસરને માણશે તેમજ વિરપુર પુ.જલારામ બાપાનાં દર્શનનો લાભ પણ મળી શકશે. ત્યારે જૂનાગઢ શહેર અને જીલ્લામાંથી પણ આ અવસર એટલે કે વિરાટ સંમેલનમાં લોહાણા સમાજનાં ભાઈઓ-બહેનોને ઉમટી પડવા હાંકલ કરાઈ છે. અને વિરપુર સુધી જવા આવવા માટેની વ્યવસ્થા આગેવાનો દ્વારા કરવામાં આવી રહી છે તેમ પ્રો.પી.બી.ઉનડકટે જણાવેલ છે.

અત્રે નોંધનીય છે કે જૂનાગઢ જલારામ ભક્તિધામના નિર્માણ કાર્યમાં મહત્વનું યોગદાન આપનારા શ્રી પ્રો.પી.બી.ઉનડકટ જૈફવયે પણ ખુબ જ સેવાકીય પ્રવૃતિ કરી રહેલ છે અને જલારામ ભક્તિધામ ખાતે યોજાતા ધાર્મિક કાર્યો સેવાકીય પ્રવૃતિ, ભુખ્યાને ભોજનની વ્યવસ્થા સહિતની પ્રવૃતિમાં તન-મન-ધનથી સેવા કરી રહેલ છે તેમજ જરૂરીયાતમંદ લોકોને જરૂરીયાતનાં સમયે અણધારી મદદ કરવી અને પુ.જલારામબાપામાં અતુટ શ્રધ્ધા સાથે અનેક સેવા કાર્યો કરી આજે જૂનાગઢ સહિત દુર દુર સુધી જલારામ બાપાનાં અનન્ય સેવા તરીકે નામનાં ધરાવે છે.



દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# ગીર અભયારણ્ય અને દેવળીયા ગીર પરિચય ખંડની મુલાકાતની પ્રવેશ પરમીટની એડવાન્સ બુકિંગ માટે ઓફીસીયલ વેબસાઈટ કાર્યરત

## પ્રવાસીને ગેરમાર્ગે દોરતી અનધિકૃત વેબસાઈટો બંધ થાય તે માટે કાર્યવાહી કરવા પોલીસ અધિક્ષક, એ.ટી.એસ. અમદાવાદ તથા ડાયરેક્ટર જનરલ ઓફ પોલિસ, સાયબર ક્રાઈમ શેલને લેખિત રજુઆત

જૂનાગઢ, તા. ૨૫

તાજેતરમાં એશિયાટિક લાયન્સ સફારી બુકિંગમાં ગેરરીતી થવા અંગે અખબારોમાં થયેલ સમાચાર સત્યથી વેગળા હોય સાચી વાત પ્રવાસી અને આમ નાગરીક સુધી વહન થાય તે હેતુ વન વિભાગ દ્વારા જણાવાયુ છે કે ગીર અભયારણ્ય અને દેવળીયા ગીર પરિચય ખંડની મુલાકાત માટેની પ્રવેશ પરમીટ એડવાન્સ બુકિંગ માટે સરકારી ઓફિસિયલ વેબસાઈટ **http://girlion. gujrat. gov. in** કાર્યરત છે આ સાઈટ ઉપરથી બુકિંગ કરવામાં આવેલ નાગરિક સાથે કોઈ ગેરરીતી થયાની ફરિયાદ મળેલ નથી.

સરકારી ઓફિસિયલ વેબસાઈટની જાણકારી નાગરિકોને મળી રહે તે માટે બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ગુગલ સર્ચ એન્જિન ઓપ્ટીમાઈઝેશન કરવામાં આવેલ છે અને ગૂગલમાં પણ ઓફિસિયલ વેબસાઈટ પ્રથમ ક્રમે આવી શકે તે માટે એડ આપી બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે. પરમીટ ઉપર ઓફિસિયલ વેબસાઈટની વિગત દર્શાવવામાં આવે છે તેમજ તેનો ક્યુઆર કોડ પ્રિન્ટ થાય જ છે. કચેરીના તમામ પ્રકારના પત્ર વ્યવહાર માટેના લેટરહેડ ઉપર ઓફિસિયલ વેબસાઈટની વિગત લખવામાં આવે જ છે. પ્રવાસીઓને માહિતી મળી રહે તે માટે બ્રોસર આપવામાં આવે છે, જેમાં ઓફિસિયલ વેબસાઈટ ની વિગત તેમજ ક્યુઆર કોડ દર્શાવવામાં આવેલ જ છે. ઓફિસિયલ વેબસાઈટના સાઈનેજીસ બનાવી વિવિધ સ્થળે લગાવવામાં આવેલ છે. વન વિભાગની અન્ય વેબસાઈટોપ પર પણ બુકિંગ ની ઓફિસિયલ વેબસાઈટ ની વિગત પ્રસિદ્ધ કરવામાં આવેલ જ છે.

ગીર અભયારણ્ય અને દેવળીયા ગીર પરિચય ખંડની પ્રવેશ પરમિટના બુકિંગ માટે ગુગલ સર્ચ એન્જિન પર સર્ચ કરતા ભળતા નામની પ્રવેશ પરમિટ બુકિંગ માટે ખાનગી વેબસાઈટો કાર્યરત છે. આવી સાઈટોને સરકાર કે વન વિભાગ દ્વારા કોઈ અધિકૃત કરવામાં આવેલ નથી. આ સાઈટો દ્વારા નાગરિકો સાથે બુકિંગ ના નામે ગેરરીથી થયાનું પ્રવાસીઓ દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે. ખાનગી વેબસાઈટો ઉપર ગેરકાયદેસર બુકિંગના નિયંત્રણ થાય તે માટે ઓફિસિયલ વેબસાઈટ ઉપર બુકિંગ કરવામાં નીચેની વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

એક જ આઈ.પી. એડ્રેસ, ઈમેલ એડ્રેસ તેમજ મોબાઈલ નંબર પરથી માસ દરમિયાન વધુમાં વધુ ૬ જ પરમીટ નું બુકિંગ થઈ શકે છે. બુકિંગ માટે પ્રવાસીએ બુકિંગ કરતા સમયે રજીસ્ટ્રેશન કરવાનું થાય છે અને જેમાં મોબાઈલ નંબર દર્શાવવાનો રહે છે. આ નંબર પર ઓ.ટી.પી. ની સુવિધા કાર્યરત છે અને ઓટોમેટીક બુકિંગ ન કરી શકાય તે માટે કેપ્ચાની સુવિધા પણ કાર્યરત છે. ખાનગી વેબસાઈટ પરથી બુકિંગ કરાવનાર પ્રવાસીઓ દ્વારા અત્રે રજૂઆત કરવામાં આવતા વખતો વખત આ ખાનગી વેબસાઈટો બંધ થાય તે માટે કાર્યવાહી કરવા પોલીસ અધિક્ષક, એ.ટી.એસ. અમદાવાદ તથા ડાયરેકટર જનરલ ઓફ પોલિસ, સાયબર ક્રાઈમ શેલને લેખિત ફરિયાદો કરવામાં આવેલ છે તેમ નાયબ વન સંરક્ષક વન્ય પ્રાણી વિભાગ, સાસણગીર દ્વારા જણાવવામાં આવેલ છે.

# સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અંતર્ગત ૧૨૦૦થી વધુ આંગણવાડી કેન્દ્રોમાં સાફ-સફાઈ ઝુંબેશ



જૂનાગઢ, તા.૨૫

૨જી ઓક્ટોબર ના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ ની કામગીરી અને પ્રાધન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે આઈ.સી.ડી.એસ. શાખા, જીલ્લા પંચાયત જૂનાગઢના તાબા હેઠળની તમામ આંગણવાડીમાં કલેકટર તથા જીલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આજરોજ સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અંતર્ગત ૧૨૦૦ થી વધુ આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડીની અંદર અને બહાર સ્વચ્છતા ની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૦ ઘટક ૫૦થી વધુ મુખ્ય સેવિકાઓ અને ૨૦૦૦ થી વધુ આંગણવાડી કાર્યકર તથા તેડાગર દ્વારા આ સ્વચ્છતા મહાઅભિયાનમાં ભાગ લઈ આંગણવાડીઓની સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ દ્વારા જૂનાગઢ ડિવિજનની નિરીક્ષણ મુલાકાત

## જૂનાગઢ વિભાગમાં પોસ્ટલ સેવાઓની પ્રગતિની સમીક્ષા કરી, લક્ષ્યાંક હાંસલ કરવા ઉપર મુક્યો ભાર - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ







● હવે માત્ર પત્રો અને પાર્સલ જ નહીં, પણ પોસ્ટ વિભાગ લોકો સુધી વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ પણ ઘરના દરવાજા સુધી પહોંચાડી રહ્યું છે - પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણકુમાર યાદવ

● નાણાકીય સામાવિશન, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં ડાક વિભાગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ



જૂનાગઢ, તા. ૨૫

બદલાતા વાતાવરણમાં પોસ્ટ વિભાગ નાણાકીય સમાવેશ, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.પોસ્ટ વિભાગ હવે પત્ર અને પાર્સલ સાથે સાથે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને તેમના લાભો પણ લોકોને પહોંચાડી રહ્યો છે. દેશના દરેક ખૂણે, દરેક દરવાજે, પોસ્ટ વિભાગની પહોંચ છે અને તે લોકોના સુખ-દુઃખમાં સમાનરૂપે જોડાયેલ છે. આ ભાવનાઓ સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશના પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા જૂનાગઢ ડિવિજનની નિરીક્ષણ મુલાકાત દરમિયાન વ્યકત કરવામાં આવી. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને લોકો સાથે સારું વર્તન કરવાની અને વિવિધ સેવાઓમાં નિર્દિષ્ટ લક્ષ્યોની પ્રાપ્તિ પર ભાર મૂક્યો. જુનાગઢ અધિક્ષક ડાકઘર એ.એચ.ચાવડાએ પોસ્ટમાસ્ટર જનરલનું સ્વાગત કરતા જૂનાગઢમાં પોસ્ટ સેવાઓની પ્રગતિ વિશે વિગતવાર માહિતી આપી હતી.

પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે પત્ર અને પાર્સલની સાથે ટપાલ વિભાગમાં સેવિંગ્સ બેંક, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ કેન્દ્રો, કોમન સર્વિસ સેન્ટર અને ડાક નિર્યાત કેન્દ્ર પણ કાર્યરત છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મારફતે પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો આજે મોબાઈલ બેંક તરીકે કાર્ય કરી રહ્યા છે. **CELC** હેઠળ, તમામ સેવાઓ જેવી કે ઘરે બેઠા બાળકોના આધાર બનાવવા, મોબાઈલ અપડેટ કરવા, ડિજિટલ જીવન પ્રમાણપત્ર, **DBT**, બિલની ચુકવણી, **AEPS** દ્વારા બેંક ખાતામાંથી ચુકવણી, વાહન વીમો, આરોગ્ય વીમો, અકસ્માત વીમો, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના વગેરેઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા પૂરી પાડવામાં આવે છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જૂનાગઢ વિભાગમાં પોસ્ટલ સેવાઓની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી. હાલ જૂનાગઢ વિભાગમાં કુલ ૬.૧૩લાખ બચત ખાતા, ૬૦૦૦થી વધુ **IPPB** ખાતા, ૪૩,૦૦૦ થી વધુ સુકન્યા સમૃદ્ધિ ખાતા અને ૪૧૧૫ મહિલા સમ્માન બચત પ્રમાણપત્રો ખોલવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૨૧ ગામોને 'સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ' તરીકે આવરી લેવામાં આવ્યા છે, ૧૧૦ ગામોને 'સંપૂર્ણ વીમા ગ્રામ' તરીકે આવરી લેવામાં આવ્યા છે, અને ૫ ગામોને 'ફાઈવ સ્ટાર વિલેજ' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જૂનાગઢ હેડ પોસ્ટ ઓફિસ અને વેરાવળ મુખ્ય ડાકઘર ખાતેના પાસપોર્ટ સેવા કેન્દ્ર દ્વારા આ નાણાકીય વર્ષમાં ૬,૦૦૦ કરતાં વધુ લોકોએ પાસપોર્ટ મેળવ્યા છે. ૩,૦૦૦ થી વધુ લોકોએ પોસ્ટ ઓફિસ મારફત આધાર નોંધાવ્યું અથવા અપડેટ કર્યું છે, જ્યારે ૧૨,૦૦૦ થી વધુલોકોએ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા ઝઈન્ઝમાંથી લાભ મેળવ્યો છે.૫,૦૦૦ કરતાં વધુ લોકોએ આધાર સક્ષમ પેમેન્ટ સિસ્ટમ મારફત ૭.૫ કરોડ રૂપિયાના ચુકવણાં ઘરના દરવાજે મેળવ્યા છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જૂનાગઢ મુખ્ય ડાકઘરની મુલાકાત દરમ્યાન તમામ અધિકારીઓ અને કર્મચારીઓને લોકો સાથે સારું વર્તન કરવાની વાત પર દબાણ આપ્યું. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવએ આર્થિક વર્ષના બાકી દિવસોમાં વ્યાપક અભિયાન ચલાવીને વિવિધ સેવાઓમાં આપેલ લક્ષ્યોની પ્રાપ્તિને મહત્વ આપ્યું. તેમજ વિવિધ સેવાઓથી સામાન્ય જનતાને જોડવા, જન ફરિયાદોના ત્વરિત નિરાકરણ અને ગ્રાહકોની સંવેદનશીલતા ઉપર ભાર મૂક્યો.

આ મુલાકાત દરમ્યાન અધિક્ષક ડાકઘર એ.એચ.ચાવડા, નિરીક્ષક પી.કે.પીલોજપરા, વી.કે.સોલંકી, સોમપાલસિંહ તંવર, **IPPB** મેનેજરશ્રી પૃથ્વીરાજસિંહ બાબરિયા અને જૂનાગઢ હેડ ઓફિસના પોસ્ટમાસ્ટર કે.કે.રૈયાની હાજર રહ્યા હતા.

# ગળોદળ માધ્યમિક શાળા ખાતે તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ કેમ્પેઈન યોજાયો



જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા માળિયા તાલુકાના ગળોદળ માધ્યમિક શાળા ખાતે તાલુકા હેલ્થ ઓફિસર માળિયાના માર્ગદર્શન હેઠળ તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ **(TYFC 2.0)** કેમ્પેઈનનું શુભારંભ કરવામાં આવ્યું. જેમાં આયુષ મેડિકલ ઓફિસર, **RBSK** મેડિકલ ઓફિસર, **CHO** અને સ્ટાફ દ્વારા શાળાના બાળકોને તમાકુના સેવનથી થતાં ગેરફાયદા અને રોગો વિશે સમજણ આપી સમાજમાં જાગૃતિ લાવવા **IEC** કરેલ સાથે વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં આ દૂષણ અટકાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

### જીલ્લામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત

# વોલ પેઈન્ટિંગ, સ્વચ્છતા રેલી તેમજ સ્વચ્છતા સફાઈ જેવી પ્રવૃતિઓનું આયોજન



જૂનાગઢ, તા.૨૫ : જૂનાગઢ જિલ્લામાં ૧૭ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર -૨૦૨૪ સુધી ''સ્વચ્છતા હી સેવા **(SHS)**'' કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવેલ છે. જેની થીમ ''સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' સાથે આ કેમ્પેઈનનો ઉદેશ્ય જૂનાગઢ જિલ્લાને સ્વચ્છ બનાવવાનો છે. જે અંતર્ગત માંગરોળ તાલુકામાં સુનિધિ સદભાવ કન્યા વિનય મંદિર શાળાની વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો દ્વારા માંગરોળ શહેરના નાગરિકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતતા આવે તે માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના મુખ્યમાર્ગો તેમજ શાકમાર્કેટ, ગાંધીચોક, લીમડાચોક જેવા ભાગોમાં રેલી દ્વારા સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો, ઉપરાંત શાળાની વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો દ્વારા વોલ પેઈન્ટીંગ, સાફ-સફાઈ, સ્વછતા શપથ અને સ્વછતા અંગે કામગીરી કરવામાં આવી હતી.

# પ્રાચી મુક્તિધામ ખાતે સ્વ.રખમણબેન કાળાભાઈ બારડની સ્મૃતિમાં વૃક્ષારોપણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૫

પ્રાચી તીર્થ ખાતે તાલાળા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ દ્વારા પ્રાચીની પવિત્ર ભૂમિ અને મુક્તિધામ ખાતે એક પેડ માં કે નામ અંતર્ગત સ્વ. રખમણબેન કાળાભાઈ બારડની સ્મૃતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને આજોઠા ગામથી સોમનાથ સુધી કુલ ૫૦૦ વૃક્ષારોપણ કરી તેમને ઉછેરવાની બારડ પરિવાર પરિવારે આ તકે નેમ લઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં એક વૃક્ષ માં કે નામ અભિયાનને સાર્થક કર્યું છે.(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# શ્રી ધર્મભક્તિ જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા આંતરરાષ્ટ્રીય દરિયા કાંઠા સ્વચ્છતા દિવસની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૫

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલ.આ અંગે માહિતી આપતા લોક વિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી એ જણાવેલ કે વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીન અપ ડે દર વર્ષે સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે ઉજવાય છે. આ વર્ષે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ એટલે કે આજરોજ ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ ભીડીયાબીચ પર લોક વિજ્ઞાન કેન્દ્ર તથા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ ભિડીયા પ્લોટ ના વિદ્યાર્થીઓ દ્વારા દરિયાકાંઠા સ્વચ્છતા અભિયાન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં નગરપાલિકાના કાઉન્સિલર કોટીયા દીપિકાબેન, આચાર્ય રામભાઈ કામળિયા તથા સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આજનો કાર્યક્રમ સફળ બનાવેલ.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર નરેશભાઈ તથા વિજયભાઈ દ્વારા કરવામાં આવેલ હતી.

### બે માસ પૂર્વેના બનાવમાં પોલીસ કર્મી ફરાર હતો

# કાકા અને પિતરાઈ ભાઈના મોતનો બદલો લેવા પોલીસકર્મી હત્યા નીપજાવી, સરન્ડર થયો : આરોપી પોલીસમેન ત્રણ દિવસના રિમાન્ડ ઉપર

જામ ખંભાળિયા, તા. ૨૫

જયારે કોઈ પરિવારજનોના મોતનો બદલો મોતથી લેવાનું ઝનુન સવાર થઈ જાય તો વ્યક્તિ કેવું કરી બેસે છે, તેવો એક ચોંકાવનારો કહી શકાય તેવો કિસ્સો દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી સામે આવ્યો છે. જ્યાં કાકા અને પિતરાઈ ભાઈના મોતનો બદલો લેવા માટે એક કાયદાના રક્ષકે પોતે જ કાયદો હાથમાં લઈ, અને હત્યાને અંજામ આપ્યા બાદ પોતે જાતે જ પોલીસ મથકમાં સરન્ડર થયો હોવાની વિગત પોલીસ દ્વારા જાહેર કરવામાં આવી છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે પરબડી સીમમાં ગત તા. ૧૫ મી જુલાઈના રાત્રે એક ખેડુત વૃધ્ધ વજુભા બનેસંગ જાડેજાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે મૃતકના પુત્ર વનરાજસિંહએ કલ્યાણપુર પોલીસને જાણ કર્યા બાદ બાદ તેમની ફરીયાદના આધારે પોલીસે આ ગુના અંગે અલગ અલગ પાસાઓથી તપાસ હાથ ધરી હતી.આ ચકચારી હત્યા પ્રકરણમાં પોલીસ તપાસ દરમિયાન હત્યાના બનાવમાં ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી દશરથસિંહ રણુભા જાડેજાની સંડોવણી હોવાનુ ખુલ્યુ હતુ. જે બાદ તપાસ ટીમ દ્વારા દશરથસિંહની શોધખોળ હાથ ધરાઈ હતી. જે દરમિયાન ગત રવિવારે રાત્રે દશરથસિંહ ખંભાળિયા પોલીસ મથકમાં આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી સમક્ષ હાજર થયા હોવાનું પોલીસે જાહેર કર્યું છે.આરોપી પોલીસકર્મી હાજર થયા બાદ તેની સઘન પોલીસ પુછપરછમાં આરોપી દ્વારા પોલીસ સમક્ષ એવી કબૂલાત આપવામાં આવી છે કે, ગત ૨૦૧૨ની સાલમાં મૃતક વજુભા જાડેજાની વાડીમાં ઈલેક્ટ્રીક કરંટ મૂકવામાં આવ્યો હતો. જે કરંટ લાગતા આરોપીના કાકા ઉપરાંત કાકાનો દીકરા એમ બંનેના મૃત્યુ થયા હતા. આ બનાવ બાબતે જે-તે સમયે કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધાવવામાં આવ્યો હતો. પોલીસ પુછપરછમાં આરોપીએ પોતાના કાકા ઉપરાંત પિતરાઈ ભાઈના મૃત્યુનો બદલો લેવા માટે હત્યાની આ ઘટનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે.હત્યાના આ સમગ્ર બનાવથી દેવભૂમિ દ્વારકા સહિતના પોલીસબેડામાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે ઝડપાયેલા પોલીસ કોન્સ્ટેબલ દશરથસિંહ રણુભા જાડેજા (ઉ.વ. ૩૯, રહે. હાલ ગાયત્રીનગર, શક્તિનગર - ખંભાળિયા, મૂળ રહે. કલ્યાણપુર) ને પોલીસે અદાલત સમક્ષ રજૂ કરી, રિમાન્ડની માંગણી કરતા નામદાર અદાલતે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# માતુશ્રી એમ.જી. ભુવા કન્યા વિનય મંદિર ખાતે આર્ટ એન્ડ ક્રાફટ અવેરનેસ વર્કશોપનું આયોજન

જૂનાગઢ, તા.૨૫

આર્ટ એન્ડ ક્રાફટ અવેરનેસ વર્કશોપમાં ભાગ લેવા નામની યાદી મોકલવી ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર કલ્ચર એન્ડ આર્ટ નવી દિલ્હી જેને ટૂંકા નામે ઈન્ટેક તરીકે ઓળખવામાં આવે છે. ઈન્ટેક દ્વારા શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી એમ.જી. ભુવા કન્યા વિનય મંદિર જોશીપુરા જૂનાગઢ ખાતે તા ૫/૧૦/ ૨૦૨૪ને શનિવારના રોજ આર્ટ એન્ડ ક્રાફટ અવેરનેસ વર્કશોપ યોજાનાર છે. આ વર્કશોપમાં મોતી કળા તથા અન્ય હસ્તકળા શીખવવામાં આવશે. આ વર્કશોપમાં ધોરણ ૭ થી ૯ની વિદ્યાર્થીની બહેનો ભાગ લઈ શકશે તો મોડામાં મોડી ૧/૧૦/૨૪ સુધીમાં આપની સ્કુલમાંથી નામ નીચે આપેલા મોબાઈલ ઉપર મોકલી આપવા. એ પુરા નામ **(Rathod Rina Devabhai std. 7)** અંગ્રેજીમાં ધોરણ સહિત મોકલવા. આપ આપની સ્કુલના ચારથી નવ વિદ્યાર્થી મોકલી શકો છો. આમા જોડાવાની કોઈ ફી નથી દરેક વિદ્યાર્થીને ઈન્ટેક નવી દિલ્હી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે અને અલ્પાહાર કરાવવામાં આવશે. કન્વીનર ડો પ્રદ્યુમ્ન ખાચર મો ૯૮૭૯૪ ૨૧૦૨૫ કો. કન્વીનર પ્રા. ચેતના બહેન ચુડાસમા મો. ૯૮૨૪૨ ૩૬૭૬૯

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેજરીવાલનો દાવ

અણધાર્યા નિર્ણય લેવા માટે ચર્ચિત દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે એમ કહીને ફરી એક વખત ચોંકાવ્યા કે તેઓ બે દિવસ બાદ મુખ્યંત્રી પદેથી રાજીનામું આપી દેશે. તેમણે જે રીતે એ સ્પષ્ટ નથી કર્યું કે દિલ્હીના આગામી મુખ્યમંત્રી કોણ હશે, એનાથી એ જ સ્પષ્ટ થાય છે કે આગામી બે દિવસ સુધી અટકળબાજીનો દોર ચાલતો રહેશે અને તેનાથી દેશભરમાં કેજરીવાલ અને દિલ્હીની ચર્ચા ચાલતી રહેશે. એ સ્પષ્ટ છે કે કેજરીવાલ એ ચાહતા હશે કે તેઓ ચર્ચાના કેન્દ્રમાં રહે. તેમણે એમ કહેતાં રાજીનામું આપ્યું કે તેઓ આમ જનતા સમક્ષ અગ્નિપરીક્ષા આપવા માગે છે, પરંતુ કોઈપણ એ સમજી શકે છે કે રાજીનામું આપવું તો તેમની મજબૂરી હતી અને એ સિવાય એમની પાસે બીજો કોઈ ચારો ન હતો. રાજીનામાનું પહેલું કારણ તો એ જ દેખાય છે કે શરાબ કૌભાંડમાં સુપ્રીમ કોર્ટે તેમને જામીન તો આપી દીધા, પરંતુ તેમના પર કેટલીય કઠોર શરતો લાદી દીધી. આ શરતોને કારણે મુખ્યમંત્રી રૂપે તેમનું કામ કરવું અસંભવ થઈ ગયું હતું અને સુપ્રીમ કોર્ટે તેમને ન માત્ર મુખ્યમંત્રી કાર્યાલય પર જતાં રોક્યા, બલ્કે ઉપરાજ્યપાલની અનુમતિ વિના કોઈ સરકારી ફાઈલ પર હસ્તાક્ષર કરવાની પણ મનાઈ ફરમાવી. એટલું જ નહીં, સાથે એ શરત પણ લગાવી કે તેઓ શરાબ નીતિ કૌભાંડ પર કશું જ બોલી નહીં શકે!

એવામાં કેજરીવાલને લાગ્યું કે તેમની પાસે રાજીનામું આપી દીધા સિવાય બીજો કોઈ ઉપાય નથી રહ્યો, પરંતુ જો તેમને રાજકીય શુચિતા અને નૈતિકતાની પરવા હોત તો તેમણે ત્યારે જ રાજીનામું આપી દેવું જોઈતું હતું જ્યારે શરાબ કૌભાંડમાં તેમની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવાયા હતા. આશ્ચર્યજનક રૂપે ત્યારે તેમણે જેલમાંથી જ સરકાર ચલાવવાની જિદ પકડી હતી. આ દરમ્યાન તેઓ અને તેમના સાથી ભલે એમ કહેતા રહ્યા હોય કે નવી આબકારી નીતિ લાવીને ક્યાંય કોઈ ગરબડ નથી કરવામાં આવી, પરંતુ એ પ્રશ્નનો જવાબ તેઓ નથી આપતા કે જો આ નીતિમાં કોઈ ગરબડ જ ન હતી તો પછી તેને તાબડતોબ પાછી કેમ ખેંચી લેવાઈ? એ ઠીક છે કે આ કૌભાંડમાં અન્ય અનેક લોકો સાથે અરવિંદ કેજરીવાલને પણ જામીન મળી ગયા છે, પરંતુ જામીન ક્લીનચિટનો પર્યાય ન હોઈ શકે. ભલે કેજરીવાલ કહી રહ્યા હોય કે તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે અને તેઓ જનતા પાસેથી ઈમાનદારીનું પ્રમાણપત્ર લીધા બાદ મુખ્યમંત્રી પદ સંભાળશે, પરંતુ શરાબ કૌભાંડનું સાચું-ખોટું તો જનતાએ નહીં, દેશની અદાલતોએ નક્કી કરવાનું છે. કેજરીવાલના રાજીનામું આપવાનું એક કારણ એ પણ દેખાય છે કે તેઓ હરિયાણા અને પછી આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં જનતાની સહાનુભૂતિ મેળવવા માગે છે. તેમણે દિલ્હીની ચૂંટણી લગભગ ત્રણ મહિના પહેલાં નવેમ્બરમાં કરાવવાની માંગ પણ કરી છે. એ તો સમય જ બતાવશે કે તેમને સહાનુભૂતિનો લાભ ઉઠાવવામાં સફળતા મળે છે કે નહીં, પરંતુ એનો ઈનકાર ન કરી શકાય કે તેમણે પોતાના અત્યાર સુધીના રાજકીય જીવનમાં કેટલીય વાર પોતે બોલેલું જ ફેરવી તોળ્યું છે, તેનાથી તેમની એ છબિ નથી રહી જે પહેલાં હતી.

# શિવયોગી આશ્રમ ડેરવાણ ખાતે ગિરનારી ગ્રુપ - હરિ ઓમ ગ્રુપના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો

લોકોને રક્તદાન કરવા માટે માહિતગાર કરી જાગૃતિ લાવવા અંગેનો પ્રયાસ કરતું ગિરનારી ગ્રુપ - ડૉ. જયદીપ ટીલાળા (એમ.ડી. મેડિશીન) GMERS મેડિકલ કોલેજ અને હૉસ્પિટલ. ગિરનારી ગ્રુપની કાર્યસુચી વંદનીય છે. - હુકુમતસિંહ બાપુ. શિવયોગી આશ્રમ, ડેરવાણ.





જૂનાગઢ, તા. ૨૫ જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જૂનાગઢ તાલુકાના ડેરવાણ ગામે આવેલ શ્રી ગઢ જેસલમેર દરબાર સેવા સમાજ સંચાલિત શિવયોગી આશ્રમ ખાતે આઈ નાથ મહાદેવના સાનિધ્યમાં પરમ ભક્ત હુકુમતસિંહબાપુ દ્વારા ગિરનારી ગ્રુપ અને હરિઓમ ગ્રુપના નેજા હેઠળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડેરવાણ તથા આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો દ્વારા ૩૦ બોટલ રક્તનુ દાન કરવામાં આવેલ હતું.

અને આ તમામ રક્તની બોટલ જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં આવતા થેલેસેમીયા પીડીત બાળકો તથા જરૂરિયાતમંદ લોકોને આપવા માટે અર્પણ કરવામાં આવેલ હતી. રક્તદાન કેમ્પ દરમ્યાન શૈલેષભાઈ દવે આચાર્ય દ્વારા રક્ત દાતાઓનું શાબ્દિક સ્વાગત કરીને ગિરનારી ગ્રુપની કાર્ય સુચીને બીરદાવી હતી. તમામ રક્તદાતાઓને ગિરનારી ગ્રૃપ દ્વારા સુંદર મજાની ગિફ્ટ આપવામાં આવેલ હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે શિવયોગી આશ્રમના સેવકગણો ઉદયસિંહ, ભુપતસિંહ, વિક્રમસિંહ, વીરસિંહ, સુભાષભાઈ, વિજયસિંહ સહિત ભાટી પરિવાર તથા ગિરનારી ગ્રુપના સમીરભાઈ દવે, ભાર્ગવભાઈ દેવમુરારી, સમીરભાઈ ઉનડકટ, સુધીરભાઈ રાજા, ભરતભાઈ ભાટીયા, સંદીપભાઈ દોરડા, રોહિતભાઈ પરમાર સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# શ્રી જામકંડોરણા તાલુકા રાજપુત સમાજ અને શ્રી જામકંડોરણા તાલુકા રાજપુત યુવક મંડળ દ્વારા ૧૦મો સરસ્વતી સન્માન સમારોહ જામકંડોરણા રાજપુત સમાજ ભવન ખાતે યોજાઈ ગયો

## ગોંડલ સ્ટેટ શ્રી જ્યોતીરમયસિંહજી સાહેબ હવા મહેલના અધ્યક્ષ સ્થાને યોજાયો

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૨૫ શ્રી જામકંડોરણા રાજપુત સમાજ અને શ્રી જામકંડોરણા રાજપુત યુવક મંડળ દ્વારા દર વર્ષે જામકંડોરણ તાલુકાના રાજપૂત સમાજના વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા અને પ્રોત્સાહન આપવા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરે છે. સતત ૧૦ વર્ષથી આ કાર્યક્રમ યોજવામાં આવે છે. જામકંડોરણા રાજપૂત સમાજ ભવન ખાતે ૧૦મો સરસ્વતી સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ધો.૩થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ અને વિશિષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરેલ મહાનુભાવોને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જામકંડોરણા રાજપૂત સમાજ ભવનમાં અનુદાન આપેલ દાતાઓનું સાલ ઓઢાળી સન્માન કર્યું હતું. પધારેલ મેહમાનો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમને શરૂ કર્યો હતો. પાદરીયાના દીકરીઓએ તલવાર રાસ લીધો હતો. રાજપુત સમાજ પ્રમુખ તેજુભા જાડેજાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પ.પૂ. આત્માનંદ સરસ્વતીજી ક્ષત્રિય સમાજને સંગઠિત અને શિક્ષિત થવા હાકલ કરી હતી. જામકંડોરણા રાજપુત સમાજ ભવન નવનિર્માણમાં સમાજના મુખ્ય દાતા અનિરૂદ્ધસિંહજી જાડેજા રીબડાએ ફરી પાછુ ૧૫ લાખ રૂપિયાનું અનુદાન આપ્યું હતું. કાર્યક્રમમાં મહેમાનોએ પ્રાસંગિક ઉદબોદન કર્યું હતું. આ કાર્યક્રમમાં પ.પૂ.આત્માનંદ સરસ્વતીજી, સમાજ ભવનના મુખ્ય દાતા અનિરૂધ્ધસિંહજી જાડેજા રીબડા, સહયોગી દાતા





ઈન્દ્રવિજયસિંહ ચૂડાસમા(પ્રમુખ ભાયાવદર રાજપુત સમાજ), ઘોઘુંભા જાડેજા(ઘંટેશ્વર) રાજકોટ તાલુકા સમાજ, ગોપાલિસંહ રાણાવત, મહેન્દ્રસિંહ પાંચી, શક્તિસિંહ જાડેજા કોટડા નાયાણી ભૂમિ ગ્રુપ, પ્રદીપસિંહ વાળા જામનગર તેમજ ઉપલેટા, જેતપુર, વીરપુર, કોટડાસાંગાણી, લોધિકા, રાજકોટ રાજપૂત સમાજના પ્રમુખ અને ટીમએ હાજરી આપી હતી. તેમજ જામકંડોરણા તાલુકાના દરેક સમાજના સામાજિક અને રાજકીય આગેવાનો હાજરી આપી હતી. વિદ્યાર્થીઓના શિલ્ડના દાતા દેવેન્દ્રસિંહ ચૂડાસમા ચિત્રાવડ અને ભરતસિંહ ચુડાસમા ચરેલ બન્યા હતા. કાર્યક્રમના અલ્પાહારના દાતા પ્રતિપાલસિંહ જાડેજા સોડવદર બન્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કિન્નરીબા અને મોનિકાબાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા રાજપુત સમાજના પ્રમુખ તેજુભા જાડેજાના માર્ગદર્શનમાં રાજપુત યુવક મંડળના પ્રમુખ રામદેવસિંહ જાડેજા અને યુવક મંડલની ટીમએ ભારે મહેનત કરી હતી.

# ઊના એસટી ડેપો ખાતે વૃક્ષારોપણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૫ ઊનામાં સેવા હી સ્વચ્છતા પખવાડિયું ઉજવાઈ રહ્યું છે. જે અંતર્ગત ઊના એસટી ડેપોના વર્કશોપ અને સંકુલમાં એક પેડ માં કે નામ અંતર્ગત એસ.ટી.ના અધિકારી, ડેપો મેનેજર રાઠોડ અને કર્મચારીઓએ વૃક્ષોનું રોપણ કરી ઉછેરવા સંકલ્પ લીધા હતા.

તેમજ સ્વચ્છતા હી સેવા અંગે લોકોમાં જાગૃતિ લાવવા ઊનાની શીશુ ભારતી શાળાના વિદ્યાર્થીઓએ એક રેલી બેનરો સાથે યોજી લોકોને સ્વચ્છતા રાખવા અપીલ કરી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે વ્યક્તિ પહેલા કાર્ય કરે અને પછી વિચારે છે તે હરહંમેશ માટે પસ્તાય છે. - સેકર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૮ નોમનું શ્રાધ્ધ, અવિધવા નોમ, સૌભાગ્યવતી નારીનું શ્રાધ્ધ તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૨૧, આર્દ્રા નક્ષત્ર, વરિયાન યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૪૧, સૂ.અ.૬:૪૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અકસ્માતથી સાવધાન રહેવું. વ્યર્થ દોડા-દોડી રહે.
વૃષભ: હિતશત્રુઓથી સાવધ રહેવું. તક હાથમાંથી સરી ન જાય તે જોજો.
મિથુન: વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ. મનની મુરાદ બર ન આવે.
કર્ક: મનમાં ચંચળતા રહે. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે.
સિંહ: દિવસ આનંદમય વ્યતિત થાય. આર્થિક લાભ મળે.
કન્યા: વિશેષ કાર્યભાર રહે. જૂની ઓળખાણથી લાભ મળે.
તુલા: અણધાર્યો પ્રવાસ કરવો પડે. આર્થિક લેવડમાં સાવચેત રહેવું.
વૃશ્ચિક: ધંધાકીય કાર્યમાં લાભ મેળવી શકશો. પ્રવાસમાં લાભ થાય.
ધન: વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં લાભ મેળવી શકશો.
મકર: ગૃહસ્થીજીવનમાં આનંદ છવાઈ જાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: નવિન શુભ સમાચાર મળે. વડીલવર્ગથી લાભ મળે.
મીન: પરિવારમાં શુભ ઘટના બને. મહત્વના કાર્યમાં સફળતા મળે.

# અમદાવાદ ખાતે પરશુરામ ધામ બગસરા દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજ માટે પસંદગી મેળો યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫ શ્રી પરશુરામ ધામ મંદિર બગસરા દ્વારા તા.૨૨-૯-૨૦૨૪ ને રવિવારના રોજ અમદાવાદ ખાતે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચલાલા ગાયત્રી મંદિરના વડા ડો. રતિદાદા, હસુદાદા અમરેલી, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષાના ટ્રસ્ટી અમીતભાઈ દવે, અમદાવાદ આશિષભાઈ મહેતા એડવોકેટ અમદાવાદ મહિલા બ્રહ્મ અગ્રણી ડોલીબેન દવે, કેસરી દૈનિક અખબાર ગાંધીનગરનાં બ્યુરો ચીફ તથા ધ કેસરી ટાઈમ્સ ન્યૂઝ ચેનલનાં સીઈઓ સંજય પંડ્યા, સમસ્ત બ્રહ્મ સમાજ વડિયાના પ્રમુખ અશ્વિનભાઈ મહેતા, પરશુરામ ધામ મંદિર બગસરાના મુકેશ જોષી, પરશુરામ ધામ મંદિર બગસરાના પુજારી જયેશભાઈ ત્રિવેદી, એડવોકેટ ચંદ્રેશભાઈ મહેતા, અમરેલી જિલ્લા મહિલા પાંખના પ્રમુખ નયનાબેન આચાર્ય, વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલ અમદાવાદના રાજેશભાઈ મહેતા, માણસા આનંદી માનો વડલોના દિનેશભાઈ વ્યાસ, હળવદ બ્રહ્મ સમાજના ચેતનભાઈ જોષી, બગસરાવાળા હાલ અમદાવાદ ધનસુખભાઈ મહેતા, બોરીસાગરભાઈ અમદાવાદ, જીગ્નેશભાઈ જેતપુર વાળા તથા તમામ અન્ય મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે યુવક યુવતીઓ તેમજ પરિવારજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં દરેક બ્રહ્મ અગ્રણીએ પોતાનો તન મન અને ધનથી ફાળો આપેલ છે.

# રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરનાર જૂનાગઢ પોલીટેકનીકના આચાર્ય પ્રો.રણજીત પરમારનું બહુમાન થયું



જૂનાગઢ, તા. ૨૫ જૂનાગઢ પોલીટેક્નીકમાં ફરજ બજાવતા પ્રા. આર.કે.પરમારને શ્રેષ્ઠ કર્મયોગી તરીકે રાષ્ટ્રપતીએ ચંદ્રક એનાયત કરી બહુમાન કર્યુ હતુ. જેની ખુશી વ્યક્ત કરવા અને પ્રો.રણજીત પરમારને મિત્ર વર્તુળ દ્વારા સન્માનિત કરવાનો કાર્યક્રમ પોલીટેકનીક કોલેજનાં મધ્યસ્થ ખંડમાં ભક્ત કવિ નરસીંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. (ડો.) ચેતન ત્રિવેદીની ઉપસ્થિતીમાં યોજાયો હતો. આ તકે ડો. ત્રિવેદીએ રાષ્ટ્રપતિનાં હસ્તે મેડલ પ્રાપ્ત કરવા બદલ ડો. રણજીતભાઈને શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. અને જણાવ્યુ હતુ કે જીવનમાં સત્કાર્યની હમેશા સુવાસ ચોમેર ફેલાતી હોય છે. પોલીટેક્નીકમાં ફરજ નિયુક્ત પ્રો. આર.કે. પરમારે પોતાની સેવાક્ષેત્રે નવી ઉંચાઈ હાંસલ કરી સાથી કર્મચારીઓને નવિ દિશા પુરી પાડી છે. ડો. ત્રિવેદીએ પોલીટેક્નીકનાં છાત્રોને શીખ આપતા જણાવ્યુ હતુ કે "મહેનતથી સફળતા મળે છે, વિચારોથી નહીં"અઘરું કામ આવતી કાલે નહીં, આજે જ શરૂ કરો સાથે અનંત શ્રદ્ધા અને બળ, એજ માત્ર સફળતાનું રહસ્ય છે માટે જ જગતને જોવા માટે આંખ હોવી અનિવાર્ય છે, પણ શું જોવા જેવું છે ને શું નથી એના માટે દ્રષ્ટિ જોઈએ. આ પ્રસંગે પ્રો. આર.કે પરમારનાં સેવાકાળેનાં સાથી મિત્રોએ પણ રણજીતભાઈને રાષ્ટ્રપતિ પદક હાંસલ થવાની ખુશીમાં સુર પુરાવી શુભકામનાં વ્યક્ત કરી હતી. પ્રો. રણજીતભાઈ પરમારે પોતાને મળેલ બહુમાન સાથી કર્મયોગીઓનાં સાથ અને સહકાર વિના શક્ય ન હોવાની વાત કરી પોલીટેક્નીકનું સન્માન છે તેમ જણાવ્યુ હતુ. આ પ્રસંગે બહાઉદ્દીન સાયન્સ કોલેજનાં આચાર્ય પ્રો.(ડો.) આર.પી.ભટ્ટ, પોલીટેક્નીકનો સ્ટાફ, વિદ્યાર્થીઓ અને શ્રી પરમારનાં ફરજકાળનાં સાથી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાણવડના મેવાસા ગામે અજગરનું રેસ્ક્યુ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫ ભાણવડ તાબેના મેવાસા વાડી વિસ્તારમાં એક મહાકાય અજગર દેખાતા વાડી માલિકે ભાણવડના રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટને જાણ કરી હતી. આથી તેઓ તુરંત સ્થળ ઉપર પહોંચી ગયા હતા. અજગરને રેસ્ક્યુ કરી, એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા ભાણવડના વન વિભાગની મદદથી તેને બરડાના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયો હતો.

# સુરત પાસે ટ્રેન ઊથલાવી પાડવાના કાવતરાંમાં મોટો ઘટસ્ફોટ : રેલવેનો કર્મી જ નીકળ્યો વિલન

સુરત, તા.૨૫

બે દિવસ પહેલાં સુરતના કીમ-કોસંબા રેલવે ટ્રેક ઉપરથી ૭૧ પેડલોક કાઢી ટ્રેન ઉથલાવી પાડવાના કાવતરામાં મોટો ઘટસ્ફોટ થયો છે. આ કેસમાં કેન્દ્રીય અને રાજ્યની એજન્સીઓ તપાસ દરમ્યાન ચોંકાવનારી હકીકત બહાર આવી છે. રેલવે ટ્રેક ઉપરથી ૭૧ પેડલોક કોઈ સામાન્ય વ્યક્તિ કાઢી નહીં શકે તેવી આશંકા તપાસ એજન્સીઓને પહેલાથી જ હતી. તે દિશામાં તપાસ કરતા ફરિયાદી એટલે કે રેલવે કર્મી જ આરોપી નીકળ્યો હતો. સૂત્રો દ્વારા માહિતી મળી છે કે ઘટનાને પ્રથમ જોનાર રેલકર્મી સુભાષ પોદાર જ આરોપી છે. સુભાષ પોદારે પોતે જ પેડ લોક કાઢ્યા હતા. સુભાષ પોદારે પ્રમોશન મેળવવા યોજના બનાવી હોવાનો મોટો ખુલાસો થયો છે. એનઆઈએની ટીમને સૌપ્રથમ સુભાષ ઉપર જ શંકા ગઈ હતી. ઘટના પ્રકાશમાં આવી તે પહેલા ૩ ટ્રેન પસાર થઈ હતી. ત્રણેય ટ્રેનના લોકો પાયલોટને કોઈપણ શંકાસ્પદ વસ્તુ નજર નહોતી આવી. કેન્દ્રીય અને સ્થાનિક એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવી ત્યારે આ સત્ય બહાર આવ્યુ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયની પણ આ ઘટના ઉપર ખાસ નજર છે. ત્યારબાદ **NIA, ATS, SOG, GRP, LCB** સુરત જિલ્લા પોલીસ, રેલવે પ્રોટેક્શન ફોર્સ, ડોગ સ્કવોડ, સહિતની વિવિધ એજન્સીઓ અને ટીમો તપાસમાં લાગી ગઈ હતી. તપાસ દરમ્યાન સૌથી પહેલા આ ઘટનાને જોનાર રેલવેનો કર્મચારી ઉપર શંકા ગઈ હતી. કારણ કે કોઈ ટેક્નોલોજીનો જાણકાર અનુભવી વ્યક્તિ જ આટલા ટૂંકાગાળામાં ૭૧ ઈઆરએસ પેડલોક અને ૨ જોગસ ફીશ પ્લેટ કાઢી શકે. જેથી ઉલટ તપાસ કરવામાં આવતાં સુભાષ પોદાર જ આરોપી હોવાનું સામે આવ્યું હતું. સુભાષ પોદારે એવોર્ડ અને પ્રમોશન મેળવવાની લાલચમાં આ કાવતરૂ ઘડ્યું હોવાનું જાણવા મળ્યું છે. સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા ૧. સુભાષકુમાર કૃષ્ણદેવ પોદાર (ઉં.વ. ૩૯. રહે, કિમ મૂળ રહે. આદમપુર થાના, જી. ભાગલપુર, બિહાર), ૨. મનિષકુમાર સુરદેવ મિસ્ત્રી (ઉં.વ, ૨૮ હાલ રહે, કિમ, જિ. સુરત, મૂળ રહે, અંકુડી થાણા જિ. પટના, બિહાર), ૩. શુભમ શ્રીજયપ્રકાશ જયસ્વાલ (ઉં.વ. ૨૩, હાલ રહે, કિમ, જિ.સુરત, મૂળ રહે. સવૈયા માહાલાવાડ જિ. ચંડોલી, યુપી)ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અજાણ્યા શખ્સો દ્વારા અપલાઈન ઉપર રેલવે ટ્રેકની સેફ્ટી પિન (ઈલાસ્ટિક રેલ ક્લિપ) અને ફીશ પ્લેટ કાઢી આખી ટ્રેન ઉથલાવી પાડવાનું કાવતરૂં સામે આવતા અને તેમાં ૭૧ ઈઆરએસ પેડલોક અને ૨ જોગસ ફીશ પ્લેટ કાઢી પાટા ઉપર ગોઠવી દેવાના બનાવ અંગે સૌપ્રથમ રેલવે કર્મી સુભાષ પોદારની સતર્કતાથી મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી હોવાનું જણાવી સમગ્ર બનાવની ખોટી હકીકત રજૂ કરતું ષડયંત્ર ઉભું કરાયું હતું જે કરવા પાછળનુ મુખ્ય કારણ ત્રણેય આરોપીઓને પોતાને એવોર્ડ અને પ્રસિદ્ધિ મળે તથા પોતાની રાત્રિના સમયની મોન્સૂન નાઈટ ડ્યૂટી ટૂંક સમયમા બંધ થઈ જનાર હોઈ જેથી જો નાઈટ ડ્યૂટી ચાલુ રહે તો બીજા દિવસમાં ઓફ મળે છે. તેમાં ફેમિલી સાથે બહાર જઈ શકાય તે હેતુથી આવો બનાવ બને તો મોન્સુન નાઈટ ડ્યૂટી લંબાઈ જાય અને લાંબા સમય સુધી ચાલે તેવો પ્લાન ગોઠવાયો હતો.

હેવાનિયતની હદ વટાવતી અને માનવતાને શર્મસાર કરતી ઘટનાને લઈ લોકોમાં ઉગ્ર રોષ

# પાનોલી જીઆઈડીસીમાં ૧૧ મહિનાની દૂધ પીતી બાળાને નરાધમે પીંખી નાખી

**બિહારના દીપકલાલ બાબુસિંગે પાડોશમાં રહેતા અન્ય શ્રમિકની દીકરીને ચિપ્સ અપાવવાના બહાને લઈ જઈ દુષ્કર્મ આચરતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખસેડાઈ : નરાધમની ધરપકડ**

અંકલેશ્વર, તા.૨૫

રાજ્યમાં કેટલાક સમયથી નાની બાળકીઓ ઉપર દુષ્કર્મ આચરવાની ઘટનામાં વધારો જોવા મળી રહ્યો છે. હવસખોરોએ લાજ શરમને નેવે મૂકી તથા કોઈપણ પ્રકારનો ડર ન હોય તે રીતે નાની બાળાઓની પીંખી નાંખવાનું કૃત્ય કરતા સભ્ય સમાજમાં તેના ઘેરા પડઘા પડ્યા છે. આવા નરાધમોને ફાંસીની સજા આપવાની માંગ પણ બુલંદ ઉઠવા પામી છે ત્યારે નાની બાળા જે ફક્ત ૧૧ માસની છે અને દૂધ પીતી બાળા છે. આવી દૂધ પીતી બાળાને અંકલેશ્વરના પાનોલીમાં પરપ્રાંતીય નરાધમે પીંખી નાંખતા લોકોમાં પ્રચંડ રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં નરાધમ શખ્સે ૧૧ મહિનાની બાળકીને હવસનો શિકાર બનાવી હતી. પાડોશીએ બાળકી સાથે શારીરિક અડપલાં કરી દુષ્કર્મ આચર્યું હતું. બાળકીને ગુપ્તાંગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં બાળકીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. પોલીસે ગુનો નોંધી નરાધમ પાડોશીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે . માનવતા નેવે મૂકી હેવાનિયતની હદ વટાવતો કિસ્સો પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં બન્યો છે. જેમાં એક એપાર્ટમેન્ટમાં રહેતો મૂળ બિહારનો દીપક લાલ બાબુ સિંગ (ઉ.વ.૩૦)એ અન્ય શ્રમિકની ૧૧ માસની દીકરીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. પોતાની ફોઈ સાથે રમતી દીકરીને હવસખોર દીપકે નજીકમાં ચિપ્સ અપાવવાનું કહી લઈ ગયો હતો અને રોડ ક્રોસ કરી અંધારામાં લઈ ગયો હતો. જ્યાં બાળકી સાથે શારીરિક અડપલાં કરી તેના ગુપ્ત ભાગમાં ગંભીર ઈજા પહોંચાડી હતી અને દુષ્કર્મ આચર્યું હતું. બાળકીને લોહીલુહાણ હાલતમાં લઈ ઘર તરફ આવી રહ્યો હતો. દરમ્યાન બાળકીને શોધવા માટે પરિવાર સામે આવતા દિપક સિંગ બાળકીને તેમને સોંપી ત્યાંથી જતો રહ્યો હતો. જે બાદ માતાએ બાળકીના ગુપ્ત ભાગે ઈજાઓ જોતા તે પણ ચોંકી ઉઠી હતી અને તાત્કાલીક અસરથી પાનોલી પોલીસ મથકે જાણ કરતા પોલીસ કાફલો સ્થળ ઉપર દોડી આવ્યો હતો અને બાળકીને લોહીલુહાણ હાલતમાં ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. પોલીસે દિપકકુમાર સિંગ ભાગી છૂટે એ પૂર્વે તેને ઝડપી પાડ્યો હતો અને બાળકીની માતાની ફરિયાદ નોંધી નરાધમ દીપકસિંગની ધરપકડ કરી બાળકી તેમજ નરાધમ દીપકસિંગનું મેડિકલ પરીક્ષણ કરાવી તપાસ શરૂ કરી છે.

# જો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં રાજ્યના કર્મચારીઓ એમની મિલકતો જાહેર ન કરે તો યુપી સરકાર પગાર અટકાવી દેશે

**રાજ્ય સરકાર ભારપૂર્વક જાહેર કરે છે કે કર્મચારીઓના કામગીરીના રેકોર્ડ માટે તૈયાર કરવામાં આવેલા સરકારી ડેટાબેઝ માનવ સંપદા પોર્ટલ ઉપર રાજ્ય સરકારના તમામ કર્મચારીઓએ તેમની મિલકતોની વિગતો મૂકવાનું જરૂરી રહેશે**



લખનૌ, તા.૨૫

રાજ્ય સરકારના કર્મચારીઓને ઉત્તારપ્રદેશની યોગી સરકારે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે જો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં રાજ્ય સરકારના કર્મચારીઓ તેમની મિલકતો જાહેર કરવામાં અને વિગતો મૂકવામાં નિષ્ફળ જશે તો એમના પગાર અટકાવી દેવામાં આવશે. મુખ્ય સચિવ મનોજકુમાર સિંહ દ્વારા રાજ્ય સરકારનો આદેશ બહાર પાડવામાં આવ્યો છે. રાજ્ય સરકારના નવા આદેશમાં સાફ દર્શાવાયું છે કે આખરી મુદત સુધીમાં સ્થાવર અને જંગમ મિલકતો જાહેર ન કરે એવા કર્મચારીઓ અને સાથે સાથે એમને પગાર આપતા અધિકારીના પણ વેતન અટકાવી દેવામાં આવશે. જાહેરાત મુજબ રાજ્યના તમામ કર્મચારીઓએ એમના રેકોર્ડ માટે બનાવવામાં આવેલા સરકારી ડેટા બેઝ માનવ સંપદા પોર્ટલ ઉપર તેમની તમામ મિલકતોને જાણકારી આપવાનું જરૂરી રહે છે. મુખ્ય સચિવના આદેશમાં એવી પણ વિગતો અપાય છે કે ૧૨ સપ્ટેમ્બર સુધીમાં રાજ્યના ૮,૪૪,૩૭૪ કર્મચારીઓમાંથી ૭,૧૯,૮૦૭ કર્મચારીઓએ જ વિગતો આપી છે અને આદેશનું પાલન કર્યું છે જે સરકારી ડેટા મુજબના આંકડા છે એટલે ૯૦ ટકા કર્મચારીઓએ એમની મિલકતોની વિગતો આપી દીધી છે. રાજ્ય સરકારે નવા આદેશ થકી સ્પષ્ટતા કરી છે કે જે લોકોએ મિલકતોની વિગતો આપી દીધી છે એમને જ સપ્ટેમ્બરનું વેતન મળશે. તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને પણ સરકારના આ દેશનું પાલન કરાવવા માટે તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને પણ સરકારે તે માટે જવાબદારી સોંપી છે અને એમને એ કામ કરાવવા માટેનું ઉત્તરદાયિત્વ નિભાવવું પડશે અને જો કર્મચારીઓ વિગતો ન આપે તો પગાર અટકાવી દેવાની જિલ્લા વિકાસ અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. તમામ વિભાગોના વડાઓ અને કચેરીઓના વડાઓને પણ નિયમિત રીતે કર્મચારીઓની વિગતો જાહેર થાય છે કે કેમ તેના ઉપર ધ્યાન રાખવાની કામગીરી અને મોનિટરિંગ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે કોઈ ટેકનિકલ મુદ્દો ઊભો થાય તો જેમ કે પોર્ટલ ઉપર વિગતો મુકાતી ન હોય અથવા તો કોઈ યાંત્રિક તકલીફ થાય તો નોડલ અધિકારીએ નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર સાથે સંકલન કરીને તાત્કાલિક ધોરણે એ પ્રશ્નો હલ કરવાનો રહેશે. આટલા કડક વલણ પાછળ રાજ્ય સરકારનો હેતુ વહીવટમાં પારદર્શિતા લાવવાનો છે અને કર્મચારીઓમાં જવાબદારીની ભાવનાનું સિંચન કરવાનું છે તેવું સરકારી સૂત્રો જણાવે છે એ માટે જ તમામ કર્મચારીઓ માટે નિયમિત રીતે તેમની મિલકતોની વિગતો જાહેર કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

# રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવી લોઢાના ચણા ચાવવા સમાન

**શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવા માટે અનેકવિધ ડોક્યુમેન્ટ માંગતા હોવાથી કંટાળીને વાલીઓ શિષ્યવૃત્તિ લેવાની ના પાડવા લાગ્યા**

જૂનાગઢ તા.૨૫

સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધો.૧થી ૫ના વિદ્યાર્થીઓને ૧૬૫૦/-રૂપિયા અને ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓને ૧૯૫૦/-રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેની ડીઝીટલ ગુજરાત પોર્ટલ ઉપર દરખાસ્ત કરવાની હોય છે. એ દરખાસ્ત કરવા માટે સૌથી પહેલાં વિદ્યાર્થીનું બેંક ખાતું હોવું જોઈએ બેંક ખાતું ખોલવા માટે આધારકાર્ડ હોવું ફરજિયાત છે વિદ્યાર્થી અને અને વાલી આધારકાર્ડ કઢાવવા માટે અને ધક્કા ખાધા પછી લાઈનમાં ઉભા રહ્યા બાદ મહા મુસીબતે આધારકાર્ડ કઢાવે છે ત્યારબાદ ખાતું ખોલવા માટે બેંકોના ધક્કા ખાય છે, બાળકને બેંક ખાતું ખોલી આપતીનથી. ઘણા બધા પ્રયત્નો પછી વિદ્યાર્થી પાંચ હજાર જેટલી રકમ બેંકમાં ડિપોઝીટ રાખે ત્યારે ખાતું ખોલી આપે. ત્યારબાદ શાળા કક્ષાએ ડીઝીટલ પોર્ટલમાં દરખાસ્ત કરવા આવકનો દાખલો કઢાવવાનો જાતિનો દાખલો કઢાવવાનો ત્યારબાદ શાળાના આચાર્ય દરખાસ્ત કરે જેમાં વિદ્યાર્થીનું ધોરણ પૂરૂ નામ, માતાનું નામ જન્મતારીખ, જિલ્લો, તાલુકો વસાહત, ઘરનું સરનામું, પીનકોડ માતા-પિતાનો વ્યવસાય, કોમ્યુનિટી કાસ્ટ, ધર્મ, શારીરિક ખોડ ખાંપણ, કુંટુંબની આવક વાલીનો મોબાઈલ નંબર, વિદ્યાર્થીના ટકા, હાજર દિવસ, બીપીએલ નંબર, વિદ્યાર્થીનું આધાર સ્ટેટ, આધાર નંબર રેશનકાર્ડ નંબર, આધાર kyc બેંક ડિટેઈલ IFSC કોડ, બેંક એકાઉન્ટ નંબર, વગેરે વિગતો અપલોડ કરવાની જો આધારકાર્ડ અપડેટ હોય, રેશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક હોય તો અને તો જ દરખાસ્ત સબમિટ થાય છે નહીંતર થતી નથી, ગુજરાત ડીઝીટલ સાઈટ ખુબ જ ધીમી ચાલતી હોય વારંવાર એરર આવતી હોય, વહેલી સવારે જાગીને શિષ્યવૃત્તિ દરખાસ્ત કરીએ ત્યારે એક કલાકમાં માંડ ૧૦ જેટલી એન્ટ્રી થઈ શકે એમાં વળી, e-kyc ન હોય તો દરખાસ્ત થતી નથી, e-kyc કરવા માટેની પ્રક્રિયા પણ ખુબજ જટિલ છે. જેમાં PDS+ એપ્લિકેશનમાં શિક્ષકો એપ ઓપન કરે એટલે વિદ્યાર્થીના વાલીના મોબાઈલમાં OTP આવે OTP શિક્ષક વાલી પાસે માંગે વાલી OTP આપે OTP જનરેટ કરે ત્યારે આધાર કેવાયસી કરે સુચનાઓ વાંચી, રેશનકાર્ડ નંબર દાખલ કરવા




રેશનકાર્ડ દાખલ કરે એટલે ફરી પાછો વાલીના મોબાઈલ નંબરમાં OTP આવે શિક્ષક OTP માંગે OTP દાખલ કરવાનો ત્યારબાદ રેશનકાર્ડમાં જેટલા મેમ્બર હોય એટલા શો થાય એમાં જે વિદ્યાર્થીનું e-kyc બાકી હોય એના નામ ઉપર ટિક કરવાથી ફોટો કેપ્ચર કરવાનો ફોટો કેપ્ચર કરવા ફરી પાછો OTP આવે એ OTP વાલી પાસે માંગવો અપલોડ કરવો ત્યારબાદ ફોટો કેપ્ચર કરવામાં પણ સમય લાગે, ફોટો કેપ્ચર થયા બાદ વિદ્યાર્થીની આધાર ડિટેઈલ ખુલે એમાં ટીક કરી સબમિટ ફોર એપ્રુવલ આપીએ ત્યારે ekyc પૂરૂ થાય અને ત્યારબાદર વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની દરખાસ્ત સબમિટ થાય, આટલી બધી પ્રક્રિયા વાલીઓ પોતાના કામના ભોગે, મજુરીના ભોગે કરવી પડતી હોય, ઘણાં બધાં કંટાળીને વાલીઓ કહે છે કે રહેવા દો સાહેબ મારે શિષ્યવૃત્તિ નથી જોઈતી આમ માત્ર ૧૬૫૦/- જેટલી નજીવી શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવા સાત કોઠા વીંધવા જેવું કામ છે, જો ખરેખર સરકારને શિષ્યવૃત્તિ આપવી જ હોય અને એ માટેની પ્રક્રિયા સરળ કરવી હોય તો આટલું નાનું ફોર્મેટ જ રાખવું જોઈએ,

૧.ક્રમ ૨.વિદ્યાર્થીનું નામ ૩.બેંક ખાતા નંબર ૪.બેંક ૫.IFSC કોડ ૬.જમા આપવાની રકમ

જે શિષ્યવૃત્તિનો હેતુ વિદ્યાર્થીને ભણતરમાં મદદરૂપ થવાનો હતો એનો આખો હેતુ જ માર્યો ગયો. હવે શિષ્યવૃત્તિના લીધે વિદ્યાર્થીઓનું ભણતર બગડે એવી નોબત આવી ગઈ છે. શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવી એ લોઢાના ચણા ચાવવા જેવું કામ થઈ ગયું છે.

# રાજ્યમાં ખાદ્ય તેલના ભાવમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો




અમદાવાદ, તા.૨૫

કારમી મોંઘવારીને કારણે સામાન્ય લોકોનું જીવન દોહ્યલું બની રહ્યું છે લોકો ભારે મુશ્કેલીનો સામનો રહ્યા છે. ગરીબ અને મધ્યમ વર્ગીય જીવન હાલ મોંઘવારીમાં માણસ ચારેતરફથી ભીંસાઈ રહ્યો છે. કમરતોડ મોંઘવારીમાં લોકોનું જીવવું મુશ્કેલ બની રહ્યું છે. ઘરના બજેટમાં તેલ, શાકભાજી કે પછી અન્ય વસ્તુઓમાં કાપ મૂકવો તે ગૃહિણીઓને સમજવું મૂંઝવણભર્યું બની રહ્યું છે. આવામાં હવે તેલના ભાવોમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. સરકારના એક નિર્ણયથી ખાદ્ય તેલોના ભાવમા આસમાની વધારો થયો છે. તેમાં પણ કપસિયા તેલમાં સીધો ૪૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. સરકારે ખાદ્ય તેલ ઉપર આયાત ડ્યુટી વધતા ભાવમાં તોતિંગ વધારો થયો છે. તહેવારો પહેલાં ખાદ્ય તેલમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો વધારો થયો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૦૦૦ને પાર પહોંચ્યો છે. ખૂલતા બજારે ૧૭૦૦ રૂપિયાના બદલે કપાસિયા તેલનો ભાવ ૨૦૫૦ રૂપિયાએ પહોંચ્યો છે. પામ તેલના ડબ્બાનો ભાવ ૧૯૦૦ રૂપિયા થયો છે. કપાસિયા તેલનો ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૭૦૦ રૂપિયામાં આવતો હતો, તે હવે ૨૦૫૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. સનફ્લાવર તેલના ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૭૦૦ રૂપિયામાં આવતો હતો તે હવે ૨૦૫૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. પામ ઓઈલના ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૫૦૦ રૂપિયામાં આવતો હતો તે હવે ૧૯૦૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે ખાદ્ય તેલની આયાત ઉપર ડ્યુટી વધારતા તેલના ભાવમાં વધારો થયો છે. તહેવારોની સીઝન પહેલા તેલના ભાવમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. તેલના ભાવમાં વધારો થતા મધ્યવર્ગી પરિવારમાં બજેટ ઉપર અસર પડી રહી છે. તેલિબિયાનું ઉત્પાદન લેતા ખેડૂતોને સારા ભાવ મળી શકે તે માટે આ નિર્ણય લેવાયો હતો. જોકે, તેનું ઉલટુ પરિણામ આવ્યું કે, ખાદ્ય તેલના ભાવમાં તીવ્ર વધારો થઈ ગયા. આયાત ડ્યુટી વધતા તેલ વધુ મોંઘુ થયું.

# વિવિધ પ્રકારના નમૂનાઓની તપાસ તથા પૃથક્કરણ કરવાની ફીમાં વધારો

ગાંધીનગર,તા.૨૫

ગૃહ વિભાગ હસ્તકની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં વિવિધ નમૂનાઓનું પૃથક્કરણ તેમજ તાલીમ માટેની ફીના નવા ધોરણો જાહેર કરવામાં આવ્યા છે. નિયમોનુસાર દર બે વર્ષે નમૂનાઓના પૃથક્કરણ અને તાલીમ માટેની ફીમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવે છે. આ નવા દરો તા.૧લી સપ્ટેમ્બરથી અમલી થયા છે. ગૃહ વિભાગ દ્વારા જણાવ્યા અનુસાર ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યકિતઓ, તમામ સરકારી તેમજ અર્ધ સરકારી વિભાગો, બહારના રાજયો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસોની ચકાસણી, પૃથક્કરણ તથા ફોરેન્સિક સાયકોલોજી જૂથમાં આવતા બ્રેઈન ફિંગર પ્રિન્ટિંગ અને નાર્કો પરીક્ષણના કિસ્સામાં ફીનું ધોરણ વખતો વખત નક્કી કરવામાં આવે છે. જેમાં નિયમ મુજબ વધારો કરવામાં આવતો હોય છે. ત્યારે આ વખતે થયેલ ૧૦ ટકા વધારા સાથેના પરીક્ષણ ફીના નવા દરોમાં સૌથી વધુ નાર્કો એનાલિસિસ, બ્રેઈન ફિંગર પ્રિન્ટના અગ્રીમતાના કેસોની ફી રૂા. ૧,૬૧,૦૫૧ કરાઈ છે. તે પછીના ક્રમે નાર્કો એનાલિસિસ, બ્રેઈન ફિંગર પ્રિન્ટના નમૂના પરીક્ષણના રૂા.૮૦,૫૨૫ કરાયા છે. આ ઉપરાંત સરકાર પક્ષકાર ન હોય તેવી ખાનગી વ્યકિતઓ/ આરોપીઓ દ્વારા કેસોની તપાસ માટે નમૂના દીઠ રૂા.૮૦,૫૨૫ લેવામાં આવશે.

# ભુજમાં ૨૦૦ કરોડની સરકારી જમીન પચાવી પાડવાના કૌભાંડ મામલે લેન્ડગ્રેબિંગની ફરિયાદ

અમદાવાદ તા.૨૫

રાજ્યમાં નાની-મોટી જમીનના કરાર મામલે કેટલીકવાર વિવાદો સર્જાતા હોય છે. ઈસમો મોડસ ઓપરેન્ડી વાપરી જમીન પચાવી પાડે છે. ત્યારે ગુજરાતમાં ફરી એકવાર જમીન પચાવી પાડનાર સામે લેન્ડગ્રેબિંગની ફરિયાદ નોંધાઈ છે. કોઈ પાંચ કે છ કરોડની જમીન નહીં, ૨૦૦ કરોડની ૩૦,૦૦૦ ચો.મી.ની જમીન પચાવી પાડવાનું કારસ્તાન બહાર આવ્યું છે. ભુજમાં ૨૦૦ કરોડના કિંમતની સરકારી જમીન ખાલી કરાવવા અંગે એક જાગૃત નાગરિકને જમીન પચાવવાના કાયદા-૨૦૨૦ તળે ફરિયાદ દાખલ કરવાની ફરજ પડી છે. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર ૨૦૦ કરોડની લેન્ડગ્રેબિંગની ફરિયાદ થઈ હોય તેમ કહી શકાય. આ અંગે વર્ષ૨૦૧૮થી મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં ત્યારબાદ સરકારી તંત્રને યાદ કરાવ્યું પણ મૂળ દબાણ વિસ્તાર ૭૦૦૦ ચો.મી.થી વધીને ૩૦૦૦૦ ચો.મી. થઈ ગયું પણ અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી જ નથી. સરકારના રેકોર્ડ મુજબ ૩૮૦૦ ચો.મી. જમીન નવી અવિભાજ્ય શરતે હોટલ ઉદ્યોગ માટે કચ્છ કલેક્ટરે ફાળવેલ છે. પરંતુ સ્થળ સ્થિતિ હિલ વ્યુ રિસોર્ટના આઠ ભાગીદાર માલિકોએ લાગુની સરકારી ટ્રાવર્સ ૮૭૦/૧ની જમીન ઉપર ખુલ્લેઆમ દબાણ કર્યું તં અંગેની ફરિયાદ નાગરિકે કરી હતી પણ આજ દિન સુધી કલેક્ટર દબાણની જમીન ખાલી કરાવી શક્યા નથી.

લેન્ડગ્રેબિંગની થયેલી ફરિયાદ અનુસાર અંદાજે ૩૦,૦૦૦ ચો.મી. દબાણ છે. ઉપરાંત ફરિયાદીએ ગુગલ ઈમેજમાં દબાણ વિસ્તાર દર્શાવતી તસ્વીરો અને મહેસુલી રેકર્ડ કમિટી સમક્ષ પ્રસ્તુત કર્યો છે અને આ દબાણ એરપોર્ટ રોડ ટચ સરકારી મિલકતની બજાર ભાવ પ્રમાણે આશરે રૂપિયા ૨૦૦ કરોડ કિંમત આંકી છે. હિલ વ્યુ રિસોર્ટના ૮ ભાગીદાર માલિકોએ દબાણ જમીન ઉપર બનાવેલ મોટા પાર્ટી પ્લોટ ઉપર લગ્ન પાર્ટીઓ ભાડા વસૂલ કરી છેલ્લા ૮ વર્ષમાં કરોડોની કમાણી કરી લીધી છે. આ હોટેલની બાજુનો ડુંગર પણ કાપી આશરે ૩૦૦૦ ચો.મી.થી વધુ વિસ્તારનો કાર પાર્કિંગ બનાવી નાખેલ છે છતાં મામલતદાર ગ્રામ્ય અને ભુસ્તર શાસ્ત્રી ને કેમ દેખાયો નથી ? તેવો પ્રશ્ન ફરિયાદીએ કર્યો છે. સરકારી ઠરાવ ૧૬-૭- ૨૦૨૨ મુજબ સરકારી મિલકતોની ચોકીદારી કરવાની સંપૂર્ણ જવાબદારી મામલતદારની નક્કી કરેલ છે, પરંતુ તેઓએ આજ દિન સુધી અહેવાલ આપવા પાછીપાની કરી છે. જાગૃત નાગરિકે લેખિતમાં જાણ કરી પણ બે બે વર્ષ સુધી આ કલેક્ટર કોઈ કાર્યવાહી કરતા નથી. તેવું દર્શાવાઈ રહ્યું છે.

૨૦૧૮માં પ્રથમ વખત આ ભાગીદારોએ ૭ હજાર ચો.મી. જમીન પચાવી પાડી તેવા આક્ષેપ સાથે અરજી કરવામાં આવી હતી. ભુજના હિલગાર્ડન નજીક સર્વે નં.૮૭૦ પૈકી ૧ ખાતા નંબર ૭૪૬ની નવી અને અવિભાજય શરતની ૩૮૦૦ ચોરસ મીટર જમીન ૨૦૧૬માં તત્કાલીન કલેક્ટરે હોટલ બનાવવા ખાનગી માણસોને ફાળવી હતી. આ જમીન ઉપર આઠ ભાગીદારો જગદીશ આણંદજી ઠક્કર, હિંમત લીલાધર દામા, હિતેન શંકરલાલ દામા, પ્રકાશકુમાર નટવરલાલ પટેલ, શૈલેષ રાજેશભાઈ મોદી, જિગીશકુમાર રાજેશકુમાર મોદી, શેહનાઝ કરીમભાઈ પાયલા, અશર્ફઅલી વલી આગરીયાએ હિલ વ્યુ રિસોર્ટનું નિર્માણ કરી દીધું. ત્યારે હવે ક્યારે કાર્યવાહી થશે તેવો સવાલ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે.

# નૃત્ય-રાસની કલા પ્રસ્તુતી સાથે 'નર્તનને નમન નવ ગજના' પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો

## શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સંગીત, સાહિત્ય આદિ કલાઓ રાષ્ટ્રની આગવી ઓળખ : પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી





જૂનાગઢ, તા. ૨૫

ગુજરાત સંગીત નાટક અકાદમી ગાંધીનગરનાં આર્થિક સહયોગથી ભાવનગરનાં શીશુવિહાર કલાવૃંદ દ્વારા જગરદીશભાઈ પંડ્યા સંપાદિત્ત "નર્તનને નમન નવ ગજના" પુસ્તક વિમોચનનો કાર્યક્રમ ગુજરાતનાં વિવિધ પ્રાંતોનાં નૃત્યો-રાસની કલા પ્રસ્તુતી સાથે યોજાઈ ગયો.

પુસ્તક વિમોચન પ્રસંગનાં અધ્યક્ષ અને પુસ્કત વિમોચક ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ઉપસ્થિત કલાનાં સાધકોને સંબોધતા જણાવ્યુ હતુ કે જગદિશભાઈ દ્વારા સંપાદિત પુસ્તક કલા સાધકોમાટે ઉપયોગી જ્ઞાનનો પૂંજ બની રહેશે. ઉમર-અનુભવ અને વિવેકુબધ્ધીથી થયેલ નિર્ણયો સારૂ ફળ આપનારા હોય છે. કવિ-લેખક-સર્જક નિરૂપાયેલ સાહીત્ય વારસો અને શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સંગીત, સાહિત્ય આદિ કલાઓનો ઈતિહાસ જાણીએ તો ધર્મ, નીતિ, સદાચારના વાહક તરીકે, રાજ્ય અને સત્તાના પ્રચાર અને પ્રસારના માધ્યમ તરીકે તેમનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયો છે."કળા મારફતે ધર્મની સૂક્ષ્મ વૃત્તિઓ સમજી અને કેળવી, કળા મારફતે સમાજવ્યવસ્થામાં સહકાર, સમાધાન, સામર્થ્ય, સમૃદ્ધિ અને સુસંગતિનું સંગીત દાખલ કરી શકાય છે.શાસ્ત્રીય નૃત્ય માત્ર મનોરંજન માટે નહીં, પણ તેના વિવેકપૂર્ણ વિવેચન માટે ત્યારે ઉપયોગી બને છે જ્યારે પ્રેક્ષકગણ પણ રસિકજન હોય, નૃત્ય કે સંગીતનું તેમને પૂરતું જ્ઞાન હોય ત્યારે જ કલાકાર અને સહૃદય રસિક પ્રેક્ષકની અન્યોન્યની યોગ્ય સમજદારીમાંથી ઉદભવતો આનંદ કલાને ફલીભૂત કરે છે.

આ પ્રસંગે કાર્યક્રમનાં ઉદઘાટક અને મહારાજા કૃષ્ણકુમાર સિંહજી વિશ્વવિદ્યાલયનાં કુલપતિ પ્રો.(ડો.) એમ.એમ. ત્રિવેદીએ ગુજરાતમાં ટીપ્પણી નૃત્ય, હાલારી રાસ, ડાંગી નૃત્ય, કેરળમાં કથકલી અને મોહિનીઆટ્ટમ, ચેન્નાઈનું દામીઆટ્ટમ અથવા તો ભરતનાટ્યમ્, મણિપુરનું મણિપુરી, ઉત્તરનું કથક નૃત્ય, ઓરિસાનું ઓડિસી, આંધ્રનું કુચીપુડી નૃત્ય. તાંજોરનું ભાગવતમેલા નાટક, કર્ણાટકનું યક્ષજ્ઞાન ઈત્યાદિ નૃત્યનાટકોની પ્રવર્તમાન ધારણાઓ વિશે વાત કરી હતી.

આ પ્રસંગે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલનાં આર્ટીસ્ટ મયુર વાંકાણી એટલે કે સુંદરમામાએ પ્રાસંગીક વાત કરતા જણાવ્યુ હતુ કે આપણું રાષ્ટ્ર સંસ્કાર અને સંસ્કૃતિમાં વસુદૈવકુટુંબક્કમ બની પરસ્પર એકસુત્રનાં તાંતણે કલાનાં સથવારે વિશ્વ ફલકે આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યુ છે.ત્યારે કલાનગરી ભાવનગરમાં કુશલ દિક્ષીત અને વૃંદ દ્વારા થતી કલા સાધના ગુજરાતની આગવી ઓળખ છે. કાર્યક્રમને સફળ બનાવવા કુશલ દિક્ષીત અને ટીમે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે મનુભાઈ દિક્ષીત અને ભાવનગરનાં કલાપ્રેમીઓએ પુસ્તક વિમોચન કાર્યક્રમ અને કલાવૃંદોની કલા પ્રસ્તુતિને બિરદાવી હતી. પોરબંદર જિલ્લાનાં ભાવપરા ગામનાં લાખણશીભાઈ ઓડેદરાએ કલાનગરી ભાવનગરની કલાસાધનાને બીરદાવી હતી.

# પોલીસ અધિકારી-જવાન સોમનાથથી માતાના મઢ સુધી સાયકલ યાત્રાનું કર્યુંપ્રસ્થાન

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૫



ગીર સોમનાથ જિલ્લા એલસીબી પોલીસ ઈન્સ એ બી જાડેજા તથા એ.એસ.આઈ નરવણસિંહ ગોહિલે સોમનાથથી કચ્છ માતાના મઢ સુધી સાયકલ યાત્રા પ્રસ્થાન કર્યું. તેમની સાથે વેરાવળ ના ભાવિક વિશાલ પરમાર પણ જોડાયા છે. સોમનાથ મંદિર ખાતે ડી. વાય. એસ. પી. ખટાણા તથા એલ. સી. બી. તેમજ પોલીસ સ્ટાફે તથા નમસ્તે સર્કલ પાસે ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ સાયકલ યાત્રિકોનું સન્માન કરી વિદાય આપી હતી. બાહોશ પોલીસ ઈન્સ્પેક્ટરની આ આઠમી યાત્રા છે જેમાં ચાર વખત પદયાત્રાથી અને ચાર વખત સાયકલ ઉપર તેઓ જ્યાં નોકરી કરતા હોય ત્યાંથી કરેલ છે. દર વર્ષે નવરાત્રી પહેલા કચ્છ માતાના મઢ ભક્તિ ભાવથી જાય છે. આ વર્ષે પણ દર્શને જઈ માને પ્રણામ વંદન કરી માતાના આશીર્વાદ મેળવશે અને જિલ્લામાં સુખ શાંતિ જળવાઈ રહે તેવી પ્રાર્થના કરશે, તેવી તેઓની શુભ લાગણી છે ચાર દિવસ સાયકલ યાત્રા બાદ તેઓ પાંચમા દિવસે કચ્છ પહોંચશે કુલ ૫૭૫ કિલોમીટર ની આ યાત્રા રહેશે. તેઓ દરરોજના ૧૨૫ કિલોમીટર યાત્રા કરશે. આ યાત્રાના રૂટમાં જૂનાગઢ, ગોંડલ, રાજકોટ, મોરબી, ભચાવ, નખત્રાણા થઈ માતાના મઢ પહોંચશે.

### સોનાનો ગરબો શિરે....

# સોમનાથનું ભાલકા આજીવિકા- અસ્તિત્વના જંગ માટે આગામી નવરાત્રિના ગરબ -કોડીયાં બનાવવા પરસેવા પાડી રહયું છે

## મહેનત બહુ, પણ વેંચાણની ગેરેંટી નહીં-નવી પેઢી મદદ કરે પણ રસ ન લે બધાને નોકરી જોઈએ છે, અમે ધુળમાંથી ધાન કરીને ખાઈએ છીએ : શાંતીબેન જેઠવા





(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૫

રૂમઝુમતા નોરતા નજદીક આવી રહયાં છે. ત્યારે ખેલૈયાઓ ખેલવા માટે પરંતુ સોમનાથ - પ્રભાસ પાટણનો ભાલકા વિસ્તાર પોતે બનાવેલા માટીના ગરબાઓ વેંચાય અને આજીવીકાની ગાડી દોડતી થાય તે માટે અથાગ મહેનત કરી માટીના ગરબા-કોડીયાં કુંડા બનાવી મહેનત સાથે પરસેવો પડી રહયું છે. ભાલકાના ૬૪ વર્ષીય કાના ભાણા જેઠવા કહે છે. "અમોએ ૧૦૦૦ જેટલા નાના -મોટા માટીના ગરબા ચાકડા ઊપર બનાવ્યા છે. પટેલા હું ગાડાના પૈડાં જેવા ચાકડા ઊપર કામ કરતો હવે મેં નાજુકડો ઈલેકટ્રીક મોટરથી ચાલતા ચાકડા ઊપર ગરબા-કોડીયાંઓ બનાવું છું. આમ છતાં ઘરમાં સચવાયેલ એ દેશી ગાડાના પૈડાં જેવા ચાકડાની કાયમ પુજા- અગરબતી અને ધુપ અવશ્ય કરૂં છું. આજે માટી મેળવવી પણ મુશ્કેલ છે. ચાર - પાંચ વર્ષ પહેલાં માટીનું આખું ટ્રેકટર રૂા. ૨૫૦૦ થી ૩૦૦૦ માં આવતું હતું ત્યારે આજે રૂપીયા ૮૦૦૦ આપવા પડે છે. માટી લાવ્યા પછી તેને ઘુમરવી પડે અને પછી પલાળવી પડે જે બાદ ગાળી કાંકરા-કસ્તર દુર કરવા પડે તેને પાણી બે દીવસ રાખી તેમાં લાકડાનો વ્હેર નાખવો પડે પછી તેને કસણવી પડે અને મોટો પીંડ બનાવવો પડે જે શિવલિંગ આકારનો હોય છે. જેથી અમે ચાકડા ઊપર પ્રથમ પીંડ ચડાવીયે ત્યારે ૐ નમ : શિવાયનું નામ લઈ પીંડનું સ્થાપન ચાકડા ઊપર કરીયે ટેરવાથી ગરબા કે કોડીયા ચકરાવે ભીની આગળીના ટેરવાથી ગરબા કે કોડીયા બનાવીએ જેને બે કે ત્રણ દિવસ સુકવી પછી અગ્નિ પટાવી નિંભાડામાં પકાવીએ અને ગેરૂથી કલર કામ કરીએ. ટવીંકલ રાજુ જેઠવાએ પણ સરસ વાત કરી કે "તૈયાર થયેલા ગરબા ઊપર આભલા ઈમીટેશન શણગાર સાધનોથી શુશોભીત કરીએ છીએ. શાંતીબહેન જેઠવા કહે છે. આ બધા અમારા વશ પરંપરાગત ધંધાઓ છે. જે ગરબાને શણગારવા જુદી- જુદી ડીઝાઈન પટીઓ અમો ખાસ મુંબઈ અને સુરતથી મંગાવીયે છીએ. ગરબા ઊપર સુશોભન કરતાં વર્ષાબહેન ધીરૂભાઈ કહે છે કે, અમારા આ કામમાં આખો પરિવાર ભાગ લ્યે છે. શાંતીબહેન જેઠવા કહે છે 'અમારા આ ધંધામાં મહેનત બહુ છે અને વેંચાણની કોઈ ગેરેંટી નહીં. નવી પેઢી મદદ તો કરે છે પણ આમાંજ આજીવીકા છે તેવો રસ ન લે. કારણ કે બધાને નોકરી જ જોઈએ છે. ત્યારે અમો ધુળમાંથી ધાન કરીને ખાઈએ છીએ. ૮૦ વર્ષના ભાનુબેન જેઠવા પણ આજ કામમાં વ્યસ્ત છે. તમામ લોકો કહે છે અમારા તૈયાર કરેલા ગરબાઓ બારસ - તેરસ - ચૌદસના રોજ બજારમાં પહોંચી જશે. અત્યારે અમે કાગળમાં પેક કરીને સાચવ્યા છે. અત્યારે માર્કેટમાં ધાતુના તૈયાર ગરબાઓ અને ચીનાઈ માટીના કોડીયાંઓ, ધંધાને અસર તો કરી છે. પરંતુ નવરાત્રીમાં માત્ર ને માત્ર માટીના જ ગરબા ઊપયોગ કરતો પરંપરાગત શ્રધ્ધાળુ વર્ગ પણ છે.

### ૫૭ દિવસ સુધી પૃથ્વીની ભ્રમણકક્ષાએ

# રવિવારથી વિજ્ઞાન ઉપકરણથી આકાશમાં બીજો ચંદ્ર જોવા મળશે



અમદાવાદ, તા.૨૫

રવિવાર તા. ૨૯ મી સપ્ટેમ્બરથી ૨૫ નવેમ્બર ૨૦૨૪ – ૫૭ દિવસ સુધી પૃથ્વીની ભ્રમણકક્ષાએ મીની મુન વિજ્ઞાન ઉપકરણની મદદથી જોવા મળશે. નરી આંખે જોઈ શકાશે નહિ. પૃથ્વીની આસપાસ તેની ભ્રમણકક્ષામાં ચંદ્ર સાથે અસ્થાયી રૂપે જોડાશે તેથી મીની મુન બનશે. ખગોળીય ઘટના જોવા માટે વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. જાથાના જયંત પંડયાએ માહિતી આપી તેમાં એક નાનો એસ્ટરોઈડ જેનું નામ 2024 $PT_5$ આપવામાં આવ્યું છે. અર્જુન એસ્ટરોઈડ પટ્ટામાંથી આવેલ છે. જે ૯૩ મિલિયન માઈલ દૂર એસ્ટરોઈડસનું એક જુથ છે જે પૃથ્વી જેવી ભ્રમણકક્ષાને અનુસરે છે. આ ગ્રહની આસપાસ સંપુર્ણ પરિભ્રમણને બદલે પૃથ્વીની આસપાસ ઘોડાની નાળ જેવી ભ્રમણકક્ષા કરશે. અમુક સમય પછી ભ્રમણકક્ષામાંથી પાછા ગ્રહ તરફ વળશે. એસ્ટરોઈડ પૃથ્વીની નજીક આવે છે ત્યારે તેઓ સામાન્ય રીતે ગ્રહ દ્વારા ઉડે છે અથવા તેઓ તેને અથડાવે છે અને પૃથ્વીના પોપડામાં ખાડો છોડી દે છે. અમુક ખાસ કિસ્સામાં તેઓ પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના ખેંચાણ દ્વારા કબજે કરવામાં આવે છે. પ્લેનેટરી સોસાયટી અનુસાર મીની મુન બની જાય છે. મીની મુન પૃથ્વીની પરિક્રમા ટૂંકી સમયમર્યાદા માટે કરે છે. સામાન્ય રીતે સરેરાશ એક વર્ષ કરતાં ઓછા લગભગ ૨.૮ મિલિયન માઈલ રેન્જમાં અને લગભગ ૨૨૦૦ માઈલ પ્રતિ કલાકની સ્થિર અવકાશમાં પૃથ્વી પર મૂળ નાનો અને ઝાંખો જોવા મળે છે. ઓછામાં ઓછા ૩૦ ઈંચના વ્યાસવાળા વ્યવસાયિક–ગ્રેડ ટેલીસ્કોપથી એસ્ટરોઈડ 2024 $PT_5$ જોઈ શકાય છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે એસ્ટરોઈડ 2024 $PT_5$ પૃથ્વીના ચંદ્રનો ટુકડો હોઈ શકે છે. ચંદ્ર પરની અસરમાંથી નીકળેલો એક ભાગ છે. લગભગ ૪.૬ અબજ વર્ષ પહેલા સૌર મંડળની રચના થઈ ત્યારથી બચેલા અવશેષોથી એસ્ટરોઈડસ બનેલા છે. નાસાએ એસ્ટરોઈડના ખતરો ટાળવા મીશન આરંભ્યું છે. એસ્ટરોઈડની ભ્રમણકક્ષા બદલીને માનવ જગતને સુરક્ષિત રાખવાનું કામ વૈજ્ઞાનિકો સતત કરે છે. એસ્ટરોઈડ 'બેન્નુ' ને ૨૧૮૨ માં પૃથ્વી સાથે ટકારાવાની સંભાવના છે. તેથી સંશોધનો આદર્યા છે. એસ્ટરોઈડ 2024 $PT_5$ દક્ષિણ આફ્રિકા, સધરલેન્ડ દ્વારા શોધાયેલ છે. અંતમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે અવકાશમાં નિયમિત ખગોળીય ઘટના બનતી હોય છે. ખગોળ વિષયક જાણકારીના અભાવે આપણે જાણતા નથી. વૈજ્ઞાનિકો બ્રહ્માંડની જાણકારી માટે પ્રયત્નશીલ છે. વિજ્ઞાનના આશિર્વાદથી જ માનવજગત સુખ–સંપન્ન છે. જાથા દેશભરમાં લોકો આકાશ તરફ નજર કરતા થાય તે માટે અભિયાન આદર્યુ છે તેના ભાગ રૂપે આ માહિતી લોકો સમક્ષ મુકી છે.

# ઊનાથી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ગ્રુપ દ્વારા કેદારનાથ યાત્રાની બસનો શુભારંભ



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૨૫

ઉના તાલુકાના બજરંગ દળના યુવાનો દ્વારા કેદારનાથ હરિદ્વાર બદ્રીનાથ ગોકુળ વૃંદાવન મથુરા જેવા અનેક ધાર્મિક ધામની યાત્રાનો શુભારંભ થયેલ સાથે જય શ્રી રામના નારા સાથે તમામ યુવાનોએ ઉત્સાહ બતાવેલ હતો.

# પિતૃ પક્ષમાં શ્રાદ્ધ કરવાથી પિતૃગણ વર્ષભર પ્રસન્ન રહે છે

જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે જ્યારે ભગવાન સૂર્યનારાયણ કન્યા રાશિમાં આવે છે ત્યારે પિતૃ લોક પૃથ્વીલોકની સૌથી વધારે નજીક આવે છે. શ્રાદ્ધ નો અર્થ પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા ભાવ વ્યક્ત કરવાનો છે. જે મનુષ્ય સદગત સ્વજન ની તિથિ ના દિવસે પોતાની શક્તિ અને સામર્થ્ય પ્રમાણે ફળફૂલ, અન્ન, મિષ્ટાન વગેરેથી બ્રાહ્મણને ભોજન કરાવે, ગાય, શ્વાન, કાગડા અને કીડીઓને ખવડાવે તેના પર પિતૃ દેવતાઓ પ્રસન્ન થઈ આર્શીવાદ આપીને જાય છે.

પિતૃઓને ઉદેશીને બે તિથિઓ શ્રાદ્ધ કરવામાં આવે છે જેમાં પ્રથમ તેમની મૃત્યુતિથિએ તથા બીજું શ્રાદ્ધ પક્ષમાં જે દિવસે તેમનું નિધન થયું હોય તે તિથિના દિવસે.

ધર્મગ્રંથો અનુસાર ભાદરવા વદમાં શ્રાદ્ધ પક્ષના ૧૬ દિવસોમાં લોકો પોતાના પિતૃ દેવતાને સંતુષ્ટ કરવા શ્રાદ્ધ કરે છે. એવી માન્યતા છે કે શ્રાદ્ધ દ્વારા પિતૃઓનું ઋણ ઉતારી શકાય છે. વર્ષના કોઈપણ માસ અને તિથિમાં સ્વર્ગસ્થ થયેલ ને ઉદેશીને ભાદરવા કૃષ્ણ પક્ષમાં કે જેને પિતૃ પક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે તેમાં તિથિ પ્રમાણે શ્રાદ્ધ કરી શકાય છે.

પિતૃ પક્ષમાં શ્રાદ્ધ કરવાથી પિતૃગણ વર્ષભર પ્રસન્ન રહે છે. ધાર્મિક ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે કે આ શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરનાર ગૃહસ્થ દીર્ઘાયુ, પુત્ર -પૌત્રાદી, સ્વર્ગ, બળ, લક્ષ્મી, યશ, પુષ્ટિ, પશુ, એશ્વર્ય, સુખ- સાધન અને ધન-ધાન્ય વગેરે પ્રાપ્ત કરે છે.

શ્રાદ્ધમાં પિતૃઓને અપેક્ષા રહે છે કે અમારા ઉત્તરાધિકારીઓ અમને શ્રાદ્ધ દ્વારા સંતુષ્ટ કરશે. એ આશાએ તેઓ પિતૃલોક થી પૃથ્વીલોક પર આવે છે. આજ મુખ્ય કારણ છે કે સનાતન ધર્મ શાસ્ત્રોમાં પ્રત્યેક સનાતની ગ્રહસ્થને પિતૃપક્ષ માં શ્રાદ્ધ કરવાની આજ્ઞા આપવામાં આવી છે.

શ્રાદ્ધ એ પિતૃ ઋણમાંથી મુક્તિ મેળવવાનું માધ્યમ છે. શ્રાધ પિતૃઓની સંતુષ્ટી માટે કરવું અત્યંત આવશ્યક છે. મહર્ષિ સુમંતુ ના કહેવા પ્રમાણે શ્રાદ્ધ કરનારનું સર્વાંગી કલ્યાણ થાય છે.

માર્કેડ્ય પુરા અનુસાર શ્રાદ્ધથી સંતુષ્ટ થઈને પિતૃઓ શ્રાદ્ધ કરતા અને તેના પરિવારને દીર્ઘાયુ, ધન, સંપત્તિ, ઐશ્વર્ય, વિદ્યા, બળ આપે છે અને મરણોપરાંત સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

અત્રિ સંહિતા માં કહેલું છે કે, શ્રાદ્ધ કરનારનું સદાય કલ્યાણ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જો શ્રાદ્ધ કરવામાં ના આવે તો પિતૃ દેવતાઓ ખૂબ જ દુઃખી અને વ્યથિત થાય છે.

બ્રહ્મ પુરાણમાં એમ કહેલું છે કે, જે ગ્રહસ્થ દ્વારા પિતૃને ઉદેશીને શ્રાદ્ધ કરવામાં આવતું નથી, તેને પિતૃઓ શાપ આપી તેને કષ્ટ આપે છે. જેના કારણે તે વંશહીન, જીવનભર કષ્ટ ભોગવનાર, સદાય બીમારીથી યુક્ત રહે છે.

- શ્રાદ્ધ -સરિતા -દેવેન કનકચન્દ્ર વ્યાસ

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધ સૂત્રો, ભીંત ચિત્રો વડે સ્વચ્છતાનો સંદેશો પાઠવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

તા.બીજી ઓક્ટોબરના મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર દેશમાં "સ્વચ્છતા હી સેવા અભિયાન સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" અભિયાનનું ચાલી રહ્યું છે. સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વચ્છતા હિ સેવા અભિયાન વેગવંતુ બન્યું છે. જાહેર સ્થળો, માર્ગો, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન સહિતના સ્થળો ઉપર સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં "સ્વચ્છ ભારત, હરિયાળું ભારત", સ્વચ્છતા જાળવીએ પર્યાવરણ બચાવીએ સૂત્રને ભીંત ચિત્રો વડે સ્વચ્છતાનો સંદેશો પાઠવવામાં આવ્યો છે.

# મીઠાપુરમાં જુગાર રમતા મહિલા સહિત પાંચ ઝડપાયા

દ્વારકા તા. ૨૫

મીઠાપુર તાબેના સુરજકરાડી વિસ્તારમાંથી પોલીસે મોડી રાત્રિના સમયે જાહેરમાં ગંજીપત્તા વડે તીનપતિ નામનો જુગાર રમી રહેલા સંજય બીજલભાઈ વાલ્મિકી, પાલા કરસન વારસાકીયા, મનોજ ઉર્ફે સુનિલ ઈશ્વર સરધારા, આદિત્ય સંજય રાઠોડ અને રાણીબેન તેજાભાઈ વારસાકીયાને ઝડપી લઈ, કુલ રૂા.૧૫,૮૪૦ નો મુદ્દામાલ કબજે કરીને જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

### ગીર ગઢડા તાલુકાના

# મોહબતપરા ગામના લોકો દ્વારા પોતાના ગામની ગૌચર જમીન ખુલ્લી કરવા બાબત આવેદનપત્ર પાઠવેલ



(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા.૨૫

ગીર સોમનાથ કલેકટર જાડેજા દ્વારા પેશકદમી દૂર કરવાનો ગીર સોમનાથ જિલ્લામાં ઝુંબેશ ચલાવેલ છે ત્યારે ગીર ગઢડા તાલુકાના મહોબતપરા ગામના લોકોએ પોતાના ગામની ૯૦૦થી ૧૦૦૦ આસપાસની ગૌચરની જમીન પેશકદમી થયેલ હોવાનું આવેદનપત્ર ઉના ડે. કલેકટર મારફત પાઠવેલ અને વહેલી તકે આવા આવારા તત્વોનો અમારા ગામમાંથી સફાયો કરો અને ગૌચરની જમીન ખુલ્લી કરવો એવું આવેદનપત્ર પાઠવી અને જિલ્લા કલેકટર દિગ્વિજય સિંહ જાડેજાને પાસે માંગણી કરેલ છે. જ્યારે હવે જોવાનું એ રહેશે કે જાડેજા મહોબતપરાના લોકોને ક્યારે ન્યાય અપાવશે કે પછી ગામના લોકોને બીજો કોઈ રસ્તો લેવો પડશે.

# બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ-જૂનાગઢમાં યોગ અને વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

તા.૨૩-૯-૨૦૨૪ને સોમવારના રોજ બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ, જૂનાગઢમાં કાર્યરત એનએસએસ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં સંયુક્ત તત્વાવધાનમાં નશામુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન મુખ્ય અતિથી તરીકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં ચીફમેન્ટર અને વિખ્યાત ડર્મેટોલોજીસ્ટ એવા ડો.પીયુષ બોરખતરીયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ સિવાય આ કાર્યક્રમમાં યોગકોચ તરીકે ચેતનાબેન ગજેરા, વૈશાલીબેન ચુડાસમા તથા શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ પ્રાપ્ત કરનાર ખુલ્બુબેન ગરાળાની પણ ઉપસ્થિતિ રહી હતી. મુખ્ય અતિથી દ્વારા પોતાના ઉદબોધનમાં વિદ્યાર્થીઓને નશાનાં દુષ્પરિણામો જણાવ્યા તથા નશાની બદીમાંથી મુક્ત થવા માટે વૈજ્ઞાનિક રસ્તો પણ બતાવ્યો હતો. આ તકે યોગકોચ દ્વારા વિવિધ યૌગિક આસનો તથા ક્રિયાઓ બતાવી કે જેનાથી નશામુક્તિમાં સહાયતા પ્રાપ્ત થાય છે. અંતમાં કોલેજનાં આચાર્ય દ્વારા પોતાનાં અધ્યક્ષીય ઉદ્યોધનમાં વિદ્યાર્થીઓને નશામુક્તિનો પ્રેરક સંદેશ આપ્યો તથા આ કાર્યક્રમનાં સફળ આયોજન તથા સંચાલન બદલ એન.એસ.એસ કોર્ડીનેટર ડો. હાર્દિક રાજ્યગુરૂને અભિનંદન પાઠવ્યા હતા.

# ડો. સુભાષ યુનિવર્સિટીના સાયબર સેલ ડિપાર્ટમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ એન્ડ સાયબર ફ્રોડ જાગૃતતા વર્કશોપનું આયોજન





જૂનાગઢ તા.૨૫

ડો. સુભાષ યુનિવર્સિટીના સાયબર સેલ દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ એન્ડ સાયબર ફ્રોડ અંગે જાગૃતિ ફેલાવવાનો ખાસ વર્કશોપ યોજવામાં આવ્યો. આ વર્કશોપનું માર્ગદર્શન જાણીતા સાયબર સુરક્ષા નિષ્ણાંત અને ક્લોવિન સિક્યુરિટીના સ્થાપક શ્રી ભવિન ભેસાણિયા દ્વારા આપવામાં આવ્યું વર્કશોપનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષાના મહત્વ અને ડિજિટલ પ્લેટફોર્મ પર થતા સાયબર ગુનાઓથી સુરક્ષિત રહેવા અંગેની માહિતિ પ્રદાન કરવાનો છે.

વર્કશોપમાં વિદ્યાર્થીઓને સાયબર ઠગાઈથી બચવાના ઉપાયો, સુરક્ષિત ઓનલાઈન વ્યવહારો કરવા અને ડેટા સુરક્ષાના મક્કમ પગલાંઓ વિશે માર્ગદર્શન આપવામાં આવું હતું..

આ વર્કશોપના સફળ આયોજન માટે યુનિવર્સિટીના પ્રમુખ શ્રી રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડો. દીપક પટેલ સાહેબે સાયબર સેલના નોડલ ઓફિસર સિદ્ધાર્થ ઠાકર ને અભિનંદન પાઠવ્યા હતા.

# મોરબી ખાતે ખોખરા હનુમાન શ્રી કંકેશ્વરી દેવી આશ્રમ ખાતે ચાલતી ભાગવત કથામાં હાજરી આપી આશિર્વચન પાઠવતા પુ.મુકતાનંદબાપુ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

અખિલ ભારતીય સાધુ સમાજ-અગ્નિ અખડાના પ્રમુખને માનવસેવા જીવદયાના હિમાયતી એવા ચાંપરડાં પરમ પૂજ્ય સંત શિરોમણી પૂજ્ય મુકતાનંદ બાપુ હાલ મોરબી ખાતે ખોખરા હનુમાન શ્રી કંકેશ્વરી દેવી આશ્રમ ખાતે ચાલતી ભાગવત કથામાં હાજરી આપવા માટે પધારેલ હતા. જે કથા વિરામ બાદ મોરબી સલતનપર રોડ ઉપર આવેલ કાસા વિકટરી ફાઈ સીરામીક કંપની ખાતે પધરામણી કરી કમ્પની સ્ટાફ બહેનો દ્વારા પૂજ્ય બાપુના સામેયા કરેલ. ત્યારે કમ્પની માલિક કમ ભાગીદારો પંકજભાઈ કુંડારિયા, ખોડીદાસભાઈ કુંડારિયા, મયુરભાઈ કુંડારિયા, સ્મિતભાઈ દેત્રોજા, પંકજભાઈ દેત્રોજા, ચિંતનભાઈ તથા રાજુભાઈ વાછણી દ્વાર પૂજ્ય બાપુને હારતોરા શાલથી ભાવ પ્રગટ કરેલ. આ તકે બાપુએ આશીર્વચન પાઠવતાની સાથે શીખ પણ આપેલ કે કંપનીમાં કામ કરતા કારીગરો, મજૂરો માર્કેટિંગ કરતા તમામ લોકો કંપનીના હાથ-પગ છે, તેઓ તથા તેમના બાળકો પરિવાર શિક્ષિત બને, વ્યસન મુક્તિ બને તો તેઓનો વિકાસ થાય તો કંપનીનો વિકાસ થાય. દરેક ક્ષેત્રમાં નીતિમતા રાખવી દેશને વફાદાર રહેવું વગેરે ખુબજ સુંદર માહિતી બાપુએ સાથે સાથે સુરતના ઉદ્યોગકાર સવજીભાઈ ધોળકિયાના ઉદાહરણ આપી શીખ ત્યાર બાદ બાપુએ કંપનીની ઉત્પાદન વ્યસ્થા તથા લેબર મજુરોના ઉથાન અંગે માહિતી વગેરે બાબતે નિરીક્ષણ કરેલને વિગતો જાણેલ. આ તકે કંપની મેનેજમેન્ટ સ્ટાફ તથા બાપુના સેવગન તથા કંપની લેબરો વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને બાપુ દરેકને વ્યક્તિ ગત મળી આશીર્વાદ પાઠવેલ હતા.

# ભેંસાણ આઈ.ટી.આઈ. કેમ્પસ ખાતે આવતીકાલે ભરતીમેળો યોજાશે

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓ માટે જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ દાવત બેવરેજીસ પ્રા.લી. ગોંડલ, બોમ્બે ઓર્થો ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. મેટોડા રાજકોટ તથા રીલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ કંપની જૂનાગઢ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ ઓપરેટર, ડિઝાઈન એન્જીનિયર, ક્યુસી/લાઈન ઈન્સપેક્ટર, પ્રોગ્રામર/સેટર ઓપરેટર, એક્ઝ્યુકેટિવ પરચેઝ/સ્ટોર/ એચ.આર. ડેટા એન્ટ્રી ઓપરેટર સીડિએ/ એડવાઈઝર કે મેનેજરની જગ્યાઓ માટે ૨૦ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ., ડિપ્લોમા, સ્નાતક કે અનુસ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે આવતીકાલ તા.૨૬ સપ્ટેમ્બર,૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આઈ.ટી.આઈ. કેમ્પસ, પરબ રોડ, ભેસાણ ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. ભરતીમેળામાં ભાગ લેનાર ઉમેદવારોએ, શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત રહેવું. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ટેલિફોન નંબર (૦૨૮૫) ૨૬૨૦૧૩૯ પર સંપર્ક કરવો, તેમ જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જામ રાવલમાં શાકભાજી એસો. દ્વારા હડતાલ નગરપાલીકા સત્તાધીશોની મધ્યસ્થીથી સમાધાન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

કલ્યાણપુર તાલુકાના જામ રાવલમાં નગરપાલિકાએ દરબાર ગઢમાં ઉભતી શાકભાજીની લારીવાળાઓને નોટીસ આપીને અન્ય સ્થળે તેની લારીઓ રાખીને વેચાણ કરવાની સૂચના આપ્યા પછી રાવલ શાકભાજી એસોસિએશને સોમવારે બંધ પાળ્યો હતો. જેના કારણે નગરમાં શાકભાજીની અછત સર્જાઈ હતી. નગરપાલિકાની નોટીસના વિરોધમાં પાડવામાં આવેલા બંધમાં શાક માર્કેટની અંદરની શાકભાજીની તમામ દુકાનો તથા પાથરણાવાળાઓપણ જોડાયા હોવાથી રાવલમાં શાકભાજીનું વેચાણ સદંતર બંધ રહ્યું હતું. પરંતુ બપોર બાદ આ બાબતે શાકભાજી વેચતા આસામીઓ તથા નગરપાલિકાના સત્તાધીશો વચ્ચે બેઠક યોજાઈ હતી. રેંકડીઓ રસ્તા પર અવરોધક ન બને અને ગંદકી કે ભીડભાડ ન થાય તથા ટ્રાફીકના પ્રશ્નો ન સર્જાય તે રીતે ચર્ચા-વિચારણાઓ થઈ હતી. આ પ્રશ્ને સુખદ સમાધાન થયું હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# દ્વારકાનાં મોજપ ખાતે પઠાપીર દાદાનાં પટાંગણમાં મલ્લ કુસ્તી મેળાનું ભવ્ય આયોજન





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૫

છેલ્લા ૫૦૭ વર્ષથી પારંપરિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વની અને સ્પર્ધાત્મક શારિરીક શક્તિને ઉજાગર કરતી તેમજ ખેલદિલી શીખવતી અનોખી રમત છે. દ્વારકાનાં મોજપ ખાતે પૌરાણિક પઠાપીર દાદાનાં પટાંગણમાં છેલ્લા ૫૦૭ વર્ષથી ઉત્સાહ, ઉમંગ, એકતા અને ખેલદિલી પૂર્વક યોજાતી મલ્લ કુસ્તીનું આયોજન આ વર્ષ પણ કરવામાં આવ્યું છે. આવતી કાલે ભાદરવા વદ નોમ તા.૨૬-૯-૨૦૨૪ને ગુરૂવારે સવારે ૧૧:૩૦ થી ૪:૩૦ સમય દરમ્યાન ઓખામંડળ, બારાડી અને બરડાનાં કુસ્તીબાજ યુવકો પોતાનાં કાંડાનું બળ દેખાડશે. આ આયોજન મોજપ, મકનપુર અને શિવરાજપુર ગામોનાં ગ્રામજનોએ દર વર્ષની જેમ આ વર્ષે પણ કર્યું છે. દર વર્ષ આ મલ્લ કુસ્તી મેળામાં હજારો દર્શકો યુવા કુસ્તી બાજોનાં કૌવતને જોવા એકઠા થાય છે. ઉપરોક્ત આયોજનમાં સૌ પ્રજાજનોને પધારવા સમસ્ત મોજપ ગ્રામ જનોએ નિમંત્રણ પાઠવ્યું છે.

# ઉનાની શાહ એચ.ડી.હાઈસ્કૂલનું ગૌરવ



(પ્રતિનિધી દ્વારા)

ઉના તા.૨૫

શાહ એચ.ડી.હાઈસ્કૂલ - ઊનામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી -ગીર સોમનાથથી ઉપસ્થિત એ.ઈ.આઈ શ્રી ડી.ડી.મકવાણા સાહેબ શાળાના આચાર્ય ડૉ.કે.જે.ગોસ્વામી એન.સી.સી. ઓફિસર શ્રી બી.જી.બાંભણીયા તથા સમગ્ર સ્ટાફ દ્વાર સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત આયોજિત શાળાકીય રમોત્સવ - ૨૦૨૪-૨૫માં જીલ્લા કક્ષાએ આયોજિત એથલેટીક્સ સ્પર્ધાઓમાં (૧) શિંગોડ રોહિત જગુભાઈ અંડર-૧૭ – ૧૫૦૦મી દોડ પ્રથમ (૨) વાજા દિવ્યેશ ગભરૂભાઈ અંડર-૧૯-૮૦૦ મી. દોડ પ્રથમ સ્થાન (૩) બાંભણીયા દિવ્યેશ ચનુભાઈ અંડર-૧૯ ૧૫૦૦મી. દોડ પ્રથમ અને (૪)જોશી કૃતીલ જીગ્નેશભાઈ કલાઉત્સવ તાલુકાકક્ષાની વાંસળી વાદન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા પરિવારને ગૌરવ અપાવવા બદલ પ્રથમ વિજેતા તમામને શાળા પરિવારવતી પુરસ્કાર અને અભીનંદન પાઠવવામાં આવેલ છે.

# ખંભાળિયા નગરપાલિકા કચેરી ખાતે વિદ્યાર્થીઓ દ્વારા માનવ સાંકળ બનાવી, અપાયો સ્વચ્છતા સંદેશ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૫

સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'સ્વચ્છતા હી સેવા અભિયાન' અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થીમ બેઈઝડ આયોજન સાથે સ્વચ્છતાને લગતી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરી સ્વચ્છતાનો સંદેશ પ્રસરાવવામાં આવી રહ્યો છે. સ્વચ્છતા હિ સેવા અભિયાન ભાગરૂપે ખંભાળિયા નગરપાલિકા કચેરી ખાતે મંગળવારે અહીંની શેઠ દા.સુ. ગર્લ્સ હાઈસ્કૂલ, શારદા સ્કૂલ, એસ.એસ.વી.બી. આદર્શ ઈંગ્લીશ મીડિયા સ્કૂલ, જી.વી.જે. સ્કૂલના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોના દ્વારા માનવ સાંકળ બનાવી સ્વચ્છતા અંગે જનજાગૃતિ સંદેશો પાઠવ્યો હતો.

# જૂનાગઢ ખાતે વિનય ઇન્ડસ્ટ્રીઝની કૃષિમંત્રીએ શુભેચ્છા મુલાકાત લીધી

## સોરઠને ઔદ્યોગિક ક્ષેત્રે વિકસિત બનાવવા માટે સરકારની જોઈતી મદદ આપવા ખાતરી આપી

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ ના ધોરાજી રોડ ઉપર આવેલ વિનય ઈન્ડસ્ટ્રીઝ ખાતે આજે ગુજરાત રાજ્યના કેબિનેટ કૃષીમંત્રી રાઘવજીભાઈ પટેલે શુભેચ્છા મુલાકાત લીધી હતી. અને ઔદ્યોગિક ક્ષેત્ર અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

આ તકે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને વિનય ઈન્ડસ્ટ્રીઝના એમ.ડી. વિજયભાઈ દોમડીયા એ રાઘવજીભાઈ પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ તેઓએ ઉધોગોલક્ષી પ્રશ્નો સાંભળીને તેનું નિરાકરણ કરવાની ખાતરી આપી હતી તેમજ સોરઠને ઉદ્યોગ ક્ષેત્રે વિકસિત બનાવવા માટે સરકારની જોઈતી મદદ આપવા ખાતરી આપી હતી. કૃષિ મંત્રીની સાથે સમૂહ લગ્નના પ્રણેતા અને સામાજિક અગ્રણી હરસુખભાઈ વઘાસીયા પણ સાથે રહ્યા હતા. આ તકે અગ્રણી બિલ્ડર નરોતમભાઈ વઘાસિયા, ઈશ્વરભાઈ ઠાકુર, કેતનભાઈ ધોણીયા સહિત આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જામ રાવલ નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં સઘન સફાઈ



જામ ખંભાળિયા, તા. ૨૫

'સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા' થીમ સાથે સરકાર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' દેશવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાની જામ રાવલ નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા અભિયાન' અંતર્ગત મંગળવારે વિવિધ વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી. શાક માર્કેટ, દરબાર ગઢ, મેઈન બજાર, બસ સ્ટેન્ડ, બસ સ્ટેન્ડથી રામદેવપીર મંદિર રોડ, ચૌહાણ ફળી, જાહેર રસ્તા પર તેમજ અને જ્યાં કચરો એકત્ર થતો હોય તેવાં ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ પર વિશેષ સફાઈ હાથ ધરવામાં આવી હતી. વધુમાં અહીંના જાહેર શૌચાલયની સફાઈ કરવામાં આવી હતી.

# વિશ્વ હૃદય દિવસ નિમિત્તે જૂનાગઢના બહાઉદ્દીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોગ શિબિરનું આયોજન

## હૃદય રોગ અટકાવવા માટે યોગ કારગર : તા.૨૯મી સપ્ટેમ્બરે યોગ શિબિરમાં જોડાવા અનુરોધ

જૂનાગઢ, તા.૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના પ્રયાસોથી સમગ્ર વિશ્વમાં તા.૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે તા.૨૯ સપ્ટેમ્બર એટલે કે વિશ્વ હૃદય દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી તા.૨૯-૯-૨૦૨૪ના રોજ સવારના ૬ થી ૮ કલાક દરમ્યાન જૂનાગઢના બહાઉદ્દીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યોગ શિબિરનો ઉદ્દેશ્ય હૃદય રોગને સંબંધે લોકોમાં જાગૃત્તિ, ઉપાયો અને યોગ થકી તેને અટકાવવા માટેનો છે. લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગે જાગૃત્તિ કેળવાય અને લોકો યોગ કરતા થાય તે માટે આ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગદોડભર્યાં જીવનમાં ખાસ કરીને હૃદય સંબંધી રોગો અટકાવવા માટે યોગ એ ખૂબ કારગર નીવડે છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત આ યોગ શિબિરમાં જોડાવા જૂનાગઢવાસીઓને અનુરોધ કરાયો છે.

# ખંભાળિયાના યોગ કેન્દ્ર ખાતે આવતીકાલે નગરપાલિકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૫

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી તા. ૩૧ ઓકટોબર સુધી અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ દસમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ, સ્વચ્છતા હી સેવા, એક પેડ માં કે નામ ત્રિવિધ કાર્યક્રમોનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં યોજાનાર છે. આગામી ગુરુવાર તા. ૨૬ ના રોજ ખંભાળિયામાં આવેલા યોગ કેન્દ્ર ખાતે નગરપાલિકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. જેમાં સરકારની જનહિતલક્ષી યોજનાઓનો લાભ સ્થળ પર જ મળી રહેશે. જેનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના લોકોને અપીલ કરવામાં આવી છે.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **એહમદ મોહમદ સાકીર વિદ્યા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **વિદ્યા એહમદ સાકીર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**વિદ્યા એહમદ સાકીર**

વિદ્યા એહમદ સાકીર

રોયલ રેસીડેન્સી, ૪થા માળે, કેવડાવાડી, જૂનાગઢ

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM AHMED MOHMED SAKIR VIDHA TO MY NEW NAME VIDHA AHMED SAKIR

: ADDRESS :

VIDHA AHMED SAKIR

ROYAL RESIDENCY, 4TH FLOOR.

KEVDAVADI, JUNAGADH-362001

# જૂનાગઢ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના માજી ચેરમેન રાકેશ ધુલેશીયાએ દારૂ પીને ડખ્ખો કર્યો : ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેરમાં બનતા વિવિધ બનાવાને કારણે આજે આ શહેર ચર્ચાના ચકડોળે ચડેલ છે. ખાસ કરીને જૂનાગઢ મહાનગર પાલિકાના ભાજપના કેટલાક શાસકોની, પદાધિકારીઓ ના કરતુતો ઉપરથી પડદો હટવાના બનાવને પગલે ખળભડાળ મચી ગયો છે.

પ્રજાની નજરમાં ઉતરી ચુકેલા આવા નેતાઓ સામે રોષનો દાવાનળ પણ ભભુકી ઉઠયો છે. ભાજપના અગ્રણી તથા જૂનાગઢ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન રાકેશ ધુલેશિયા ગઈકાલે રાત્રીના નશો કરેલી હાલતમાં માથાકુટ કરતા લોકોનું ટોળુ એકઠું થઈ ગયું હતું અને આ અંગેની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને પ્રોહિબીશ એકટના ગુના અંતર્ગત રાકેશ ધુલેશીયાની ધરપકડ કરી અને કાર્યવાહી કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરમાં ભાજપના કેટલાક કાર્યકર્તાઓ, કહેવાતા આગેવાનોની જાણે માઠી બેઠી હોય તેવા એક પછી એક બનાવો બની રહ્યા છે અને કથીત નેતાના પગ હેઠળની જમીન સરકી જતી હોય તેવા બનાવો બની રહ્યા છે. હજુ ચારેક દિવસ પહેલા એક જાગૃત નાગરિકે જૂનાગઢ મહાનગરપાલિકાના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાકેશ ધુલેશિયાના બિલ્ડીંગ સામે ગેરકાયદેસર તેમજ વાંધાજનક હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આ અંગે જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરવાની માંગણી કરવામાં આવી છે. આ પ્રકરણ હજી શાંત પડ્યું નથી ત્યાં રાકેશ ધુલેશિયા પીધેલી હાલતમાં ઝડપાયા હોવાના બનાવને પગલે ચકચાર મચી છે. રાકેશ ધુલેશિયાને જાહેરમાં દારૂ પી ડખો કરતાં પોલીસે પકડી કાર્યવાહી કરી હતી. પોલીસની ગર્વ ટીમના માણસો સોમવારની રાત્રે બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન ઝાંઝરડા ચોકડી કે. જે. હોસ્પિટલની બાજુમાં જાહેર રોડ ઉપર ટોળું ભેગું થયેલ હોય ત્યાં જઈ જોતા એક શખ્સ દારૂ પી જાહેર રોડ ઉપર માથાકૂટ કરતો અને લથડીયા ખાતો જોવામાં આવતા પોલીસે તેની પાસે જઈ નામ પૂછતા તેણે પોતાનું નામ રાકેશ રસિકભાઈ ધુલેશિયા (ઉ.વ.૫૫) ધંધો બાંધકામ રહે. જૂનાગઢ હવેલી એપાર્ટમેન્ટ, ઝાંઝરડા રોડ, સિલ્વર પાર્ક સોસાયટી, બ્લોક નંબર ૫૦૨ વાળા હોવાનું થોથરાતી જીભે જણાવતા પોલીસે તેની અટક કરી બી ડિવિઝન પોલીસના હવાલે કરતાં પ્રોહી એક્ટની કલમ ૬૬ (૧) બી મુજબ કાર્યવાહી કરી હતી.

## જૂનાગઢના રાજકીય નેતાઓ દારૂના શોખીન : ફાર્મ હાઉસ અને ગઝીબોમાં દારૂની મહેફિલો સાથે "પાર્ટી"

### અમુક ખાસ કિસ્સામાં અને ખાસ પ્રસંગે રાજકીય નેતાઓ શરાબ સાથે શબાબ અને કબાબની મહેફીલ પણ કરતા હોવાની ચર્ચા

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેર-જીલ્લામાં રાજકીય નેતાઓના પરાક્રમો અને એક રીતે પાપલીલા હવે છાપરે ચડીને પોકારવા મંડી છે. આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ જૂનાગઢ શહેરના મોટાભાગના રાજકીય નેતાઓ દારૂના શોખીન છે. અને તેના માટે ખાસ જૂનાગઢ શહેર ફરતે આવેલા ફાર્મહાઉસમાં અને કેટલાક કિસ્સામાં તો ઘરે જ ગઝીબો બનાવીને પાર્ટીઓ યોજાય છે. જેમાં દારૂની રેલમછેલ બોલે છે. અને આવી પાર્ટીઓ દરરોજ થતી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. પ્યાસી નેતાઓ અને તેમના ચેલકાઓ કાયદાનું સરેઆમ ભંગ કરીને પાર્ટીઓ યોજતા હોય છે. રાજકીય મોટા માથા સાથે ઓથ ધરાવતા આ નેતાઓને કોઈની બીક રહી નથી. પોલીસ પણ બધુ જાણતી હોવા છતાં મુકપ્રેક્ષક બની રહી છે. અમુક કિસ્સામાં તો પરમીટના નામે ગેરકાનૂની દારૂ વેચવાનો વેપાર જ શરૂ થઈ ગયો હોવાનું જાણવા મળેલ છે. એવું પણ જાણવા મળે છે કે, કેટલાક લોકો દારૂની પરમીટ કઢાવીને દારૂ વેંચવાનો ધંધો જ કરે છે. પરમીટમાં ખરીદેલો દારૂ બેથી ત્રણ ગણા ભાવે વેંચી નાખે છે પોલીસે આવા પરમીટ ધારકોની પણ તપાસ કરવી જોઈએ તેવું લોકોમાં ચર્ચાય છે. પોલીસ આ દિશામાં જો તટસ્થ તપાસ કરે તો અનેક રાજકીય માથાઓના તપેલા ચડી જવાની શકયતા નકારી શકાતી નથી. દરમ્યાન જાણકાર વર્તુળોમાં તો એવી પણ ચર્ચા થઈ રહી છે કે, જૂનાગઢ ના કેટલાક રાજકીય નેતાઓ દ્વારા શરાબ સાથે શબાબ અને કબાબની પાર્ટીઓ પણ આયોજન થાય છે.

### જૂનાગઢના ઈતિહાસનો પ્રથમ બનાવ

# રોડની કામગીરીમાં બેદરકારી દાખવનાર એજન્સીને કમિશ્નરે રૂા.૧૦ લાખનો દંડ ફટકાર્યો

## નવરાત્રી અને દિવાળીના દિવસો સુધીમાં જૂનાગઢની જનતાને સારા રસ્તા મળે તે માટેના કમિશ્નરશ્રીના પ્રયાસને વ્યાપક આવકાર

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેરના લોકોની વેદનાને અક્ષરસ ઉકેલવાનો સઘન પ્રયાસ કરનારા જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર ડો.ઓપ્રકાશ દ્વારા રોડની કામગીરીમાં બેદરકારી કરનાર જવાબદાર એજન્સીને રૂા.૧૦ લાખનો દંડ ફટકારવાની કાર્યવાહી કરતા કોન્ટ્રાકટર વર્તુળમાં ભારે ખળભળાટ સાથે હલચલ મચી જવા પામી છે. એટલું જ નહીં, કમિશ્નરએ કડક આદેશ જારી કરીને ગેરંટી પિરીયડના તમામ રોડના કામોનું પેમેન્ટ તેઓના ચેકિંગ પછી જ થશે. તેવો આદેશ પણ જારી કરેલ છે અને જૂનાગઢ શહેરના રસ્તાઓને રીપેરીંગ કરવાનું જે કામ ચાલી રહ્યું છે તેની પણ અવાર-નવાર સપ્રાઈઝ વિઝીટ કરી આવા કામોને મજબુત અને ટકી રહે તેવા બનાવવાનો પણ આદેશ કર્યો હોવાનું પણ જાણવા મળેલ છે.

જૂનાગઢ શહેરના રસ્તા સહિતના પ્રશ્ને પ્રજાની પીડા હવે તો જગજાહેર બની ગઈ છે. ખાડાગઢની વ્યાખ્યામાં આવેલા આ શહેરના રસ્તાઓ ભૂતકાળના શાસકો દ્વારા આડેધડ કામોની કામગીરી કરવાના વર્કઓડર આપી અને લોલમલોલ ચલાવવામાં આવતું હતું. નવા રસ્તા બની ગયા હોય અનો ત્યારબાદ બે-ત્રણ દિવસમાં જ નવા કામોનો આરંભ કરી અને કયાંક ભૂગર્ભ ગટરની પાઈપલાઈન, કયાંક કેબલ વાયરો અથવા તો જુદી જુદી કંપનીઓ દ્વારા થતા કામોને કારણે આવા રસ્તાઓ ગણતરીના સમયમાં જ તુટી ગયાના દાખલા ની વણઝાર જૂનાગઢમાં ખડકાયેલી છે. ચોમાસાના દિવસોમાં તો જૂનાગઢ શહેરની હાલત ખુબ જ ખરાબ બની ગઈ છે. તુટેલા-ફુટેલા રસ્તાઓને કારણે જૂનાગઢ શહેરમાં તમામ વિસ્તારમાં લોકોને અવર-જવર કરતી વખતે અનેકવાર અકસ્માતોના બનાવો બન્યા છે અને નિર્દોષ વ્યક્તિઓના જાન પણ ગયા છે. વાહન ચાલકોને પણ ખુબ જ મુશ્કેલી પડી રહી છે અને એવું લોકો મજાકમાં કહે છે કે, જૂનાગઢ શહેરમાં જ્યારે કોઈપણ વાહનમાં પસાર થતી વખતે સાજા માણસોને પણ શરીરની વિવિધ પ્રકારની બિમારી અંગ મચકોડાઈ જવું કે હાડકા ખખડી જવા બનાવો છાશવારે બની રહ્યા છે.

જૂનાગઢ મહાનગરપાલિકામાં સત્તાધિશ ભાજપ શાસકોની મુદત પૂર્ણ થતાં જ સરકાર તરફથી મહાનગરપાલિકાના વહીવટનો ભાર કમિશ્નર ડો.ઓમપ્રકાશને સોંપવામાં આવ્યો છે અને ખુબ જ ટુંકા ગાળામાં જૂનાગઢને મળેલા કાર્યદક્ષ અને નિષ્ઠાવાન અધિકારીએ પોતાની આગવી સુજબુજ સાથે શહેરમાં જે ખરાબ રસ્તાઓનો મુદ્દો ઉકળતા ચરૂ સમાન છે તે મુદાને પ્રાથમિકતા આપી અને શહેરના વિવિધ માર્ગો ઉપર રીપેરીંગ તેમજ સમારકામની કામગીરી કરવાનો પ્લાનમાં હોય તે એજન્સીઓને સ્પષ્ટ આદેશ કરી અને આવા કામ ચાલુ કરી દીધા છે. આગામી નવરાત્રી અને દિવાળીના તહેવારો દરમ્યાન શહેરના રસ્તાઓને સુધારવાના ભગીરથ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને જનતાની આ સમસ્યાને ઉકેલવા માટેના યજ્ઞનો જાણે શુભારંભ કરી નાખવામાં આવ્યો હોય તેવું ચિત્ર હાલ ઉપસી રહ્યું છે.

મહાનગરપાલિકાના કમિશ્નર ડો.ઓમપ્રકાશ દ્વારા રસ્તાઓ સુધારવા માટેના કડક આદેશો જારી કર્યા બાદ ફકત એ.સી. ચેમ્બરમાં બેસીને જ કામ કરતા નથી પરંતુ સ્થળ ઉપરની અવારનવાર સરપ્રાઈઝ વિઝીટ પણ કરે છે. ગઈકાલનો દાખલો લઈએ તો જૂનાગઢમાં ગેરંટી પિરીયડમાં બનેલા રોડનો રીપેરીંગ કામ ચાલી રહ્યું છે ત્યારે ગઈકાલે મંગળવારે કમિશ્નરે રોડની થતી કામગીરીની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી અને કોન્ટ્રાકટરોને જરૂરી સુચનાઓ પણ આપી હતી. આ ઉપરાંત શહેરમાં ગેરંટી પિરીયડના રોડનું કામ ચાલી રહ્યું છે ત્યારે રાયજીબાગથી લઈને ઝાંસીની રાણીના સર્કલ સુધી તેમજ ભવનાથમાં અશોક સીલાલેખ સુધીના રોડની થતી કામગીરીની અચાનક વિઝીટ કરી હતી અને કોન્ટ્રાકટરોને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, એક બાજુનો રોડ કરીને બીજી બાજુનો રોડ મુકી દેવાશે તેવું નહીં ચાલે. બન્ને તરફનો આખો રોડ રીપેર કરવાનો રહેશે. અને એન્ડ ટુ એન્ડ રોડનું કામ કરવાનું રહેશે. આઠ મીટરનો રોડ હોય તો એક-એક મીટર છોડીને કામ કરાશે તો તે પણ ચલાવી નહીં લેવાય.

સૌરાષ્ટ્રભૂમિ સાથેની વાતચીતમાં ડો.ઓમપ્રકાશે એવો નિર્દેશ આપ્યો હતો કે, હાલ જે રોડની કામગીરી ચાલી રહી છેતેમાં મટીરીયલ્સ સારૂ અને પુરતુ વાપરવાનું રહેશે. એટલું જ નહીં રોડ ફરી તુટવા ન જોઈએ અને રોડ બન્યા બાદ તેના પર પટ્ટા પણ લાગી જવા જોઈએ. ટુંકમાં રોડ સાવ નવો જ બનાવવાનો રહેશે આ સૂચનાનું ચુસ્તપણે પાલન કરવા પણ કોન્ટ્રાકટરોને જણાવ્યું છે અને તેમ છતાં પણ તેમની સુચનાનું પાલન નહીં થાય તો સ્વખર્ચે ફરી રોડ બનાવવાની તેમજ સીકયુરીટી ડીપોઝીટમાંથી દંડ-પેનલ્ટી વસુલ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. આ સાથે જ ગેરંટી વાળા તમામ રોડનું પેમેન્ટ તેઓશ્રીના ચેકીંગ બાદ જ કરવાની સુચના આપવામાં આવી છે અને જ્યાં સુધી ચેકીંગ નહીં થાય અને તેઓ લીલીઝંડી ન આપે ત્યાં સુધી ગેરંટી વાળા રોડનું પેમેન્ટ નહીં કરવામાં આવશે તેવી કડક સુચના પણ આપવામાં આવી છે.

દરમ્યાન મનપા દ્વારા મંજુર થયેલી કામગીરી કરવા કોન્ટ્રાકટર, સર્જન કન્સ્ટ્રકશન તથા કોન્ટ્રાકટર મે.દયારામ એમ. નંદવાણી દ્વારા સ્થળ પર રોડની ચાલુ કામગીરી દરમયાન વોટરવર્કસ શાખા હસ્તકની ભૂગર્ભ ગટરની લાઈન તેમજ ચેમ્બરમાં કપચી પડી જતાં ચેમ્બરના ફ્રેમ કવર સહિત મનપાની માલિકીની પ્રોપર્ટીમાં નુકશાન કરેલ હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ બહાર આવતા એજન્સીઓને ટેન્ડર નિયમોનુસાર રૂા.૧૦ લાખ દંડ પેનલ્ટી ભરપાઈ કરવા પણ નોટિસ આપી છે. અને જો તે રકમ નહીં ભરે તો બીલમાંથી રકમ કપાત કરવા પણ કમિશ્નર ડો.ઓમપ્રકાશે સુચના આપી હોવાનું જાણવા મળેલ છે.

જૂનાગઢ મહાનગર પાલિકાના કમિશ્નર દ્વારા આકરા પગલા લેવામાં આવી અને દંડાત્મક કાર્યવાહી કરવાના ભાગરૂપે જૂનાગઢમાં રોડની કામગીરીમાં બેદરકારી સબબ એજન્સીને રૂા.૧૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હોય તેવો આ બનાવ અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમવાર નોંધાયો છે અને કમિશ્નરશ્રીને આ કામગીરીની ભારે સરાહના કરવામાં આવી રહી છે.જૂનાગઢના તત્કાલીન કમિશ્નર આર.કે. પાઠકની આ શહેરને રળીયામણું બનાવવા માટેની અસરકારક કામગીરીને આજે પણ લોકો યાદ કરી રહ્યા છે અને ઘણા લાંબા વખત પછી જૂનાગઢ શહેરને એક નિષ્ઠાવાન અને કાર્યદક્ષ કમિશ્નર ડો.ઓમપ્રકાશ મળ્યા છે અને તેઓ પણ લોકોના પ્રશ્નોને ઉકેલવાના સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા હોય ત્યારે ખુબ જ ટુંકા સમયમાં જૂનાગઢની જનતાને એવો આશાવાદ થયો છે કે, મનપાના હાલના કમિશ્નર ડો.ઓમપ્રકાશ દ્વારા શહેરના લોકોની રોડ-રસ્તા સહિતની પ્રાથમિક સુવિધા આપવાની થતી કામગીરીમાં જનતા પણ તેઓની સાથે રહેશે અને આગામી દિવસોમાં આ શહેરની કાયાપલટ થાય તેવો આશાવાદ જનતામાં પણ ઉઠવા પામેલ છે અને કમિશ્નરશ્રી દ્વારા થતી કામગીરીને વ્યાપક આવકાર ઠેર-ઠેરથી મળી રહ્યો છે.

# જૂનાગઢ જેલમાંથી જ ડ્રગ્સનું નેટવર્ક ચાલતું હતું સનસનીખેજ વિગતો બહાર આવતા ખળભળાટ



## ૨૦૨૨માં ૩ લાખના ડ્રગ્સ સાથે પકડાયેલા યુવકના કિસ્સામાં કોર્ટે આગોતરા જામીન ફગાવ્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેરમાં આવેલી સેન્ટ્રલ જેલ જુદા-જુદા બનાવને લઈને અનેકવાર ચર્ચાને ચકડોળે ચડેલ છે. જેલના સરપ્રાઈઝ ચેકિંગ દરમ્યાન અવાર-નવાર વાંધાજનક ચીજવસ્તુઓ મળતી હોવાના બનાવો પણ અવાર-નવાર બનેલ છે. આ દરમ્યાન ૨૦૨૨માં ડ્રગ્સના જથ્થા સાથે પકડાયેલા શખ્સની ઉંડાણપુર્વકની તપાસ દરમ્યાન ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી હતી. જૂનાગઢની જેલમાંથી ડ્રાગ્સનું આખું નેટવર્ક ચાલતું હોવાનું સનસનીખેજ અહેવાલ બહાર આવેલ છે. તપાસનીશ અધિકારીઓએ અગાઉ ડ્રગ્સમાં પકડાયેલા એક શખ્સની ઉંડાણપૂર્વકની પુછપરછમાં આખું ભોપાડુ બહાર આવ્યું હતું અને આ બનાવના અનુસંધાને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જૂનાગઢની જેલમાંથી અગાઉ ડ્રગ્સના રેકેટનું સંચાલન થતું હોવાનું તપાસનીશ પોલીસ અધિકારીની ઈક્વાયરીમાં ખુલ્યું છે. પોલીસ તપાસમાં એવો ઘટસ્ફોટ થયો છે કે, ભરૂચ જંબુસરમાં ડ્રગ્સ સાથે પકડાયેલા ઓમપ્રકાશ સાકરીયાએ જૂનાગઢમાં પણ ડ્રગ્સનું નેટવર્ક ગોઠવવાનો નિર્ણય કર્યો અને તેણે પોતાના માણસોને જૂનાગઢ જેલમાં રહેલા સત્યેન્દ્ર ઉર્ફે અજય જાટને મળવા માટે મોકલ્યા હતા, ત્યારબાદ જૂનાગઢમાં પણ ડ્રગ્સનું નેટવર્ક ગોઠવાઈ ગયું હતું. જોકે, ડ્રગ્સ લઈને જતો કલ્પેશ પોલીસના હાથે પકડાઈ ગયા પછી આ સમગ્ર હકીકતનો ભાંડો ફૂટી ગયો હતો. જૂનાગઢમાં આરટીઓ ઓફિસના ગેટ પાસે આવેલ બ્રિજની આગળ રીવર વિલાસ સોસાયટી જવાના રસ્તેથી ગત ૨૦૨૨માં કલ્પેશ નામનો યુવક મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે પકડાઈ ગયો હતો. આ મેફેડ્રોન ડ્રગ્સ જૂનાગઢ જેલમાં રહેલા સત્યેન્દ્ર ઉર્ફે અજયે અંકલેશ્વર ના ઓમ પ્રકાશ સાકરીયા પાસેથી મંગાવીને પોતાને આપ્યું હોવાનું કલ્પેશે જણાવ્યું હતું. આથી, પોલીસે જેલમાંથી સત્યેન્દ્ર જાટનો કબજો મેળવીને પૂછપરછ કરતા અંકલેશ્વરના ઓમપ્રકાશનું નામ બહાર આવ્યું હતું. ઓમપ્રકાશના માણસોએ જેલમાં સત્યેન્દ્ર સાથે મુલાકાત કરીને ડ્રગ્સનું નેટવર્ક ગોઠવવાની વાટાઘાટ કરી હતી અને પછી તેના માટે બહારથી એક મોબાઈલ જેલની અંદર ફેંક્યો હતો, આ મોબાઈલનો છૂપો ઉપયોગ કરીને સત્યેન્દ્ર એ જૂનાગઢમાં ડ્રગ્સનું નેટવર્ક ગોઠવ્યું હતું. પોલીસે આ તમામ આરોપીઓની સામે ચાર્જશીટ દાખલ કરી હતી. જોકે, સમગ્ર કિસ્સામાં ડ્રગ્સ પૂરું પાડનારો ઓમપ્રકાશ પકડાયો નહોતો. ઓમપ્રકાશે તાજેતરમાં જૂનાગઢની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી મૂકી હતી. દરમ્યાનમાં પોલીસ તપાસમાં ખૂલેલી ઉપરોક્ત હકીકતને તેમજ સરકારી વકીલ નિરવભાઈ પુરોહિતની દલીલોને ધ્યાનમાં રાખીને સેશન્સ જજ ભુપેન્દ્રકુમાર જી. દવેએ તેના આગોતરા નામંજુર કર્યા હતા.

દરમ્યાન ઓમપ્રકાશના માણસોએ જૂનાગઢમાં ડ્રગ્સનું નેટવર્ક સેટ કરવા માટે જેલમાં રહેલા સત્યેન્દ્રની ૨૦૨૨માં મુલાકાત લીધી હતી, એ સમયે સત્યેન્દ્ર ડ્રગ્સનો કારોબાર સેટ કરવામાં એને સાથ આપે અને બદલામાં સત્યેન્દ્રને જેલમાંથી છોડાવવામાં ઓમપ્રકાશ મદદ કરે એવો સોદો થયો હતો. સત્યેન્દ્ર અગાઉ પણ ઓમપ્રકાશ પાસેથી ડ્રગ્સ લાવતો હોવાના લીધે તે બંને વચ્ચે જૂની મિત્રતા હોવાનું પણ પોલીસની તપાસમાં ખુલ્યું હતું.

જૂનાગઢ ડ્રગ્સ મોકલવામાં જેમનું નામ ખુલ્યું છે તે આરોપી ઓમપ્રકાશના દક્ષિણ ગુજરાત સ્થિત રહેઠાણ ઉપર પણ ગત તા.૧૩ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ તત્કાલીન પી એસ આઈ જે.ડી. દેસાઈએ તપાસ કરી હતી. જોકે, આરોપી ત્યાં મળી આવ્યો ન હતો. ઓમપ્રકાશ આવે ત્યારે પોલીસને જાણ કરવાની લેખિત યાદી આપીને તેના ઘરનું પંચનામું કરવામાં આવ્યું હતું. આમ છતાં આજ સુધી આરોપી હાજર થયો ન હોવાની બાબત પણ કોર્ટે નોંધ ઉપર લીધી હતી.


ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જયોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?

શું તમારો ધંધો મંદો ચાલે છે ?

શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?

શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ડો. રશ્મિ પી. બાલચંદાણી

Mo. 74859 53500 B.A.M.S.

મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦

શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦

ધુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર

ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર બાળકો માટે સુવર્ણપ્રાશન વ્યસનમુક્તિ સારવાર

ડો. શ્રેયસ જી. ભાલોડિયા

M.S. (Ayurved) Shalya

જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે

રાજકોટ : સોમવાર થી ગુરૂવાર

ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ

પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫

Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::

સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-

૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨ જૂનાગઢ